Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# श्री जैन धर्म प्रकाश.

वांच्छा सज्जनसंगमे परगुणे प्रीतिर्गुरौ नम्रता ।
विद्यायां व्यसनं स्वयोषिति रतिर्लोकापवादाद् भयं ॥
भक्तिश्चार्हति शक्तिरात्मदमने संसर्गमुक्तिः खले ।
येष्वेते निवसंति निर्मलगुणास्तैरेव भूर्भूषिता ॥ १ ॥

પુસ્તક ૩૬ મું. ] જેઠ. સંવત ૧૯૭૬. વીર સંવત-૨૪૪૬. [ અંક ૩ જો.

## परमात्मस्तुति.

ધીરાની કાફીનો રાગ.

પ્યારા આત્મપ્રભુના રે, પદમાં મ્હારી પ્રીતિ હજો;
નાશક વિષયની વેલી રે, બલીજવલીને ભસ્મ થજો.
નવધા સુખદા ભક્તિ સાધુ, પ્રસન્ન હો પરમેશ;
ભવભ્રમણ કીધું મ્હેં ભારે, દુઃખમય દેખ્યા કલેશ.
હુવે પ્રભુ એમાંથી રે, તારી લેવા કર ગ્રહજો. પ્યારા આત્મ૦ ૧
નેમિનાથને નમન કરૂં છું, વળિ નમું પારસનાથ;
શાન્તિનાથનું સ્મરણ કરૂં છું, સેવું છું સિદ્ધનાથ.
નમું નમું મહાવીરસ્વામી રે, નેહ કરીને નિભાવજો. પ્યારા આત્મ૦ ૨
કરૂણા કરજો હે કરૂણાકર, સમતા સ્ત્રીના કંથ;
વિકટ રાનમાં કાંઈ ન સૂઝે, નાવે નજરે પંથ.
દયા કરી આ દીનને રે, સિદ્ધો મારગ સૂઝાવજો. પ્યારા આત્મ૦ ૩
સિદ્ધ મુનિવર સેવીત સ્વાત્મા, આપો વિનય વિવેક;
આત્મ અનાત્મપણું જોવાને, આપી સાચી ટેક.
સદ્ગુણ સિંધુ જિનવર રે, નજરથકી કંઇ ક્દીનજજો. પ્યારા આત્મ૦ ૪
શબ્દ વિષે તો હજો ભિન્નતા, હજો ન અર્થ વ્યભિચાર;
અર્થ વિષે પણ હજો ભિન્નતા, લક્ષ ન જાઓ લગાર.
અજીતપ્રભુ પદ વાંચ્છકરે, સ્નેહી સજજન સાંભળજો. પ્યારા આત્મ૦ ૫

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# सहस्त्रकूट स्तवन.

ચાલ—લાવણી.

નમું શાસ્વત ગિરિ શિખર પર ઋષભજિનંદા,
જસ જમણી બાજુ સહસ્રકૂટ સુખકંદા;
જે પ્રથમ ભમતિમાં જીવન પાવન કરતાં,
જગ એક સહસ્ર ચોવીશ પ્રભુતા ધરતાં. નમું૦ ૧
પંચ ભરતૈરાવત ક્ષેત્ર છે દ્વીપ અઢીમાં,
ધરો ચોવીશી ત્રણ કાળની હૃદય મઢીમાં;
ગુણો ચોવીશને દશથી તેને વલી ત્રણથી,
થયાં સાતસો ઉપર વીશ ભજો શુભ મનથી. નમું૦ ૨
પ્રભુ કલ્યાણક જંબુ ભરતે વર્તમાન,
શત એક ઉપર જિન વીશ બિંબ પરિમાણ;
હવે ઉત્કૃષ્ટ કાળે એકસો સીત્તેર જિન ભણીએ,
દશ ભરતૈરાવતના જિન ફરી નવિ ગણીએ. નમું૦ ૩
મળી એક હજાર જિન પડિમા હૃદયમાં ધ્યાવો,
વલી શાસ્વત જિનવર ચાર ધ્યાનમાં લાવો;
હવે વિદેહ પંચે વિચરતા જિનવર વીશ,
એમ સહસ્ર કૂટમાં હજાર ને ચોવીશ. નમું૦ ૪
જો સહસ્રકૂટના નિર્મળ દર્શન કરીએ,
તો દુષ્ટ કર્મ દૂર કરીને શિવ વધુ વરીએ;
ગુરૂ બુદ્ધિ વૃદ્ધિવિજય ચતુર ચિત્ત ધરીએ,
વળી કર્પૂરવિજય મુનિ ચરણાંબુજ અનુસરીએ. નમું૦ ૫

# श्री गुरु स्तुति.

ગુરૂ ગોયમા સોહમા જંબુસ્વામી, નમું પ્રભવા ને સિજ્જંભા સુનામી;
યશોભદ્ર સંભૂતિ ને ભદ્રબાહુ, સ્થુલિભદ્રસ્વામી નમું શુદ્ધ સાહુ. ૧
છએ શ્રુતકેવલ્ય જ્ઞાની કહાયા, ભલા ચૌદ પૂર્વી સુજ્ઞાને સુહાયા;
થયાં ધર્મ ધુરંધરા ગચ્છ ધોરી, નમું પ્રેમથી હું સદા હાથ જોડી. ૨

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નમું આર્ય સુહસ્તિને ભક્તિભાવે, બુઝયો સંપ્રતિરાય જેના પ્રભાવે;
સવા લાખ ચૈત્યો સવા ક્રોડ મૂર્તિ, કરાવી બહુ દાનશાળાની પૂર્તિ. ૩
ગણી દેવર્દ્ધી વજસ્વામી મહંતે, કર્યો શાસનોદ્યોત લબ્ધિ લહંતે;
વિના મારૂં તારૂં ગણી ભોગ આપે, નિજાત્મા બળે પારકાં દુઃખ કાપે. ૪
ગયું તીર્થ વાળ્યું નવું સ્તોત્ર ગુંથી, ભલા ભૂપતિ વિક્રમાને પ્રબોધી;
કવિચક્રચુડામણિ જે કહાયા, નમું સિદ્ધ દિવાકરા સૂરિરાયા. ૫
હરિભદ્ર સૂરિ અનેકાન્ત પક્ષે, રચ્યાં શુદ્ધ ગ્રંથો સહસ્રો સુદક્ષે;
બુઝયો આમ રાજા સૂરિ બપ્પભટ્ટે, સ્તવું તે સૂરીંદા જનો નામ રટે. ૬
રૂડા ભૂપ કુમારમાં બોધિ ચોપી, અહિંસાતણો વાવટો વિશ્વ રોપી;
ઘણા ગ્રંથ ગુંથ્યા નમું તે સૂરીંદા, કળીકાળ સર્વજ્ઞ શ્રી હેમચંદા. ૭
સૂરિ હીરલે શાહને સુપ્રબોધ્યો, દયાધર્મનો ભારતે ઘોષ પોષ્યો;
રૂડી દેશસેવા કરી જીવ સટ્ટે, નમું શાંતિચંદ્રા મહા દુઃખ કટ્ટે. ૮
ધરી અંતરે દેશની દાઝ ભારી, દશા માનવોની સુધર્મે સુધારી;
થયાં સ્તંભ સાચા બીજા જે સૂરીંદા, નમું પાદ તેના મહાનંદ કંદા. ૯
ગુરૂ જ્ઞાન દાતા ગુરૂ ભ્રાત તાતા, ગુરૂ જ્ઞાન ચક્ષુ ગુરૂ મોક્ષ દાતા;
ગુરૂ કામધેનુ ગુરૂ કલ્પવેલી, ગુરૂ રત્ન ચિંતામણિ અંત બેલી. ૧૦
ગુરૂ ભક્તિથી જે સ્તુતિ નિત્ય ગાવે, મહામંગળં તે લીલા લચ્છી પાવે;
ગુરૂ કર્પૂરાની કૃપાથી અખંડે, રચ્યા છે રૂડા છંદ સાંકળચંદે. ૧૧

# श्रीमद् देवचंद्रजी कृत रत्नसार प्रश्नोत्तर.

( અનુસંધાન પૃષ્ઠ ૧૬ થી )

પ્ર૦--આકુટ્ટી, દર્પ, પ્રમાદ અને કલ્પનો શબ્દાર્થ કહેશો ?

ઉ૦--ઉપયોગ રહિત ઉદ્ધતપણે પાપકર્મ કરવાં તે આકુટ્ટી. અહંકાર, ઇર્ષા કે ચડસાચડસીથી માર્ગમાં જતાં ઘોડા બળદાદિકને દોડાવવા વિગેરે જે યતનારહિત નિર્દયપણે કામ કરવાં તે દર્પ. રાત્રે કે દિવસે પુંજ્યા પ્રમાર્જ્યા વગર-જયણા વગર બેદરકારીથી ગમનાગમનાદિક ક્રિયા કરવી તે પ્રમાદ અને ગીતાર્થ-બહુશ્રુતાદિકની આજ્ઞા અનુસારે સંયમમાર્ગનો ખપ કરવો-કરાવવો તે કલ્પ તેથી વિરૂદ્ધ આચરણ સેવવું તે અકલ્પ જાણવો.

પ્ર૦--દેવગતિમાં છ લેશ્યા આશ્રી અલ્પબહુત્વ કહેશો ?

ઉ૦--શુક્લ લેશ્યાવંત દેવ સર્વથી થોડા, પદ્મ લેશ્યાવંત દેવ તે કરતાં અસં-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ખ્યાત ગુણાધિક, તે કરતાં કૃષ્ણ લેશ્યાવંત અધિક, તે કરતાં નીલ લેશ્યાવંત અધિક, તે કરતાં કાપોત લેશ્યાવંત અધિક, અને તે કરતાં તેજોલેશ્યાવંત જ્યોતિષી દેવો અસંખ્યાત ગુણા જાણવા. ( આ વાત ભાવલેશ્યા આશ્રી કહેલી સંભવે છે ).

પ્ર૦--સોપક્રમી આયુવંત જીવ અકાળે મુઓ એમ કહેવાય ?

ઉ૦--વેદના, કષાયાદિક તથાપ્રકારના ઉપક્રમવડે ઉપઘાત લાગવાથી સર્વ આયુકર્મનાં દળીયાં પ્રદેશોદયે ભોગવી લઈ થોડા જ વખતાં પૂરાં કરી દીધાં હોય તેટલાં જ કર્મદળ વિપાકોદયે ભોગવતાં વધારે વખત લાગે પણ પ્રદેશોદયે તે બધાં દળ અલ્પ કાળમાં ભોગવી લીધાં હોય તો તે અપેક્ષાએ અકાળ મરણ કર્યું લેખી શકાય.

પ્ર૦--મનુષ્યમાં કઈ સોળ સંજ્ઞા કહી છે ?

ઉ૦--આહાર, ભય, મૈથુન, પરિગ્રહ, ક્રોધ, માન, માયા, લોભ, ઓઘ અને લોકસંજ્ઞા. તે ઉપરાંત સુખ, દુઃખ, મોહ, વિતિગિચ્છા ( જુગુપ્સા ), શોક તથા ધર્મસંજ્ઞા એ બધી મળી સોળ સંજ્ઞા જાણવી.

પ્ર૦--અઢાર દ્રવ્યદિશા અને ભાવદિશા કઈ કઈ ?

ઉ૦--ચાર દિશિ તથા ચાર વિદિશિ અને તેનાં આઠ આંતરા તથા ઉર્ધ્વ દિશા અને અધોદિશા એવં ૧૮ દ્રવ્યદિશા જાણવી. શ્રી આચારાંગ સૂત્ર મધ્યે પૃથ્વીકાય, અપ્કાય, તેઉકાય અને વાયુકાય એ ચાર; અગ્ર બીજ, મૂળ બીજ, પર્વ બીજ અને સ્કંધ બીજ એ ચાર વનસ્પતિના ભેદ; બેઇન્દ્રિય, તેઇન્દ્રિય, ચઉરિન્દ્રિય અને પંચ ઇન્દ્રિય એ ચાર તથા સંમૂર્ચ્છિમ મનુષ્ય, કર્મભૂમિજ, અકર્મભૂમિજ તથા અંતર્દ્વીપજ મનુષ્ય તેમજ દેવતા અને નારકી એ બધા મળી ૧૮ જીવભેદ ભાવદિશા રૂપ કહેલા છે.

પ્ર૦--નીલી-ગળીમાં રંગેલા વસ્ત્રમાં કેટલા વખતે જીવ ઉપજે ?

ઉ૦--તેવા રંગેલા વસ્ત્રમાં મનુષ્ય ( પસીનાનો ) સંસર્ગ થતાં તત્કાળ કુંથુઆ પ્રમુખ ત્રસ જીવો ઉત્પન્ન થાય છે એમ રત્નસંચય ગ્રંથમાં કહેલું છે.

પ્ર૦--લબ્ધિપર્યાપ્ત અને કરણપર્યાપ્તનું સ્વરૂપ કહેશો ?

ઉ૦--જે સ્વયોગ્ય સઘળી પર્યાપ્તિ પૂરી કરીનેજ મરે તે પહેલાં ન મરે તે લબ્ધિપર્યાપ્ત અને જેમણે શરીર ઇન્દ્રિયાદિક ( પર્યાપ્તિ ) નીપજાવી લીધી છે તે કરણપર્યાપ્ત સમજવા. તે ન નીપજાવી હોય ત્યાંસુધી અકરણપર્યાપ્ત અથવા કરણઅપર્યાપ્ત અને આરંભેલી પર્યાપ્તિ પૂરી કર્યા વગરજ મરે તે લબ્ધિઅપર્યાપ્ત. તે તે પુદ્ગલ પરિણમન હેતુરૂપ શક્તિવિશેષ તે પર્યાપ્તિ જાણવી.

પ્ર૦—પર્યાપ્તિ અને પ્રાણમાં શો તફાવત છે ?

ઉ૦—પર્યાપ્તિ ઉપજતી વેળા હોય અને પ્રાણ જીવિતપર્યંત હોય.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—છદ્મસ્થ કોને કહીએ ?

ઉ૦—જેના વડે આત્માના કેવળ જ્ઞાન-દર્શન ઢંકાય, તેવી દશા-સ્થિતિમાં રહેલા હોય તેમને કેવળજ્ઞાન સિવાય બાકીનાં ચાર જ્ઞાન પ્રગટ્યાં હોય તોપણ છદ્મસ્થ જ કહેવાય.

પ્ર૦—મુનિને અપ્રમત્ત દશાએ અનંતગુણ વિશુદ્ધિ કહી છે તે શી રીતે ?

ઉ૦—અપ્રમત્ત દશાએ આત્માનો તીવ્ર ઉપયોગ થતાં એકાગ્ર ધ્યાનવડે આત્મપ્રદેશ ઉપર રહેલી અનંતી કર્મવર્ગણાની નિર્જરા થતાં આત્માની અનંતગુણી વિશુદ્ધિ સમયે સમયે થાય છે.

પ્ર૦—સિદ્ધિની અફુસમાણ કે ફુસમાણ ગતિ શી રીતે જાણવી ?

ઉ૦—સમશ્રેણિના સર્વ આકાશપ્રદેશને ફરસે તેથી ફુસમાણ ગતિ અને તે સિવાયના વિષમશ્રેણીના આકાશપ્રદેશને ન ફરસે તેથી અફુસમાણ ગતિ જાણવી. વળી એક સમયથી બીજા સમયના અંતરને ન ફરસે તેથી પણ અફુસમાણ ગતિ જાણવી.

પ્ર૦—ત્રણ પ્રકારના પુદ્ગલો દૃષ્ટાન્તથી સમજાવશો ?

ઉ૦—વિશ્રસા પુદ્ગલ તે સ્વભાવેજ કોઇ નિમિત્ત પામીને વાદળાંની પેરે ઇન્દ્રધનુષ્યાદિક આકાર-પરિણામને પામે. પ્રયોગસા-તે જીવના વ્યાપાર-ઉદ્યમે ઘટ પટ ભવનાદિકરૂપે નીપજે અને મિશ્રસા તે કંઇક સહજ સ્વભાવે અને કંઇક ઉદ્યમે વાજિત્ર નાદાદિકની પેરે જાણી લેવા.

પ્ર૦—શ્રી તીર્થંકરના જન્માદિક કલ્યાણક વખતે સાતે નરકે કેવું-કેટલું અજવાળું થાય ?

ઉ૦—પહેલી નરકે સૂર્ય સમાન ઉદ્યોત, બીજી નરકે વાદળે ઢાંકેલા સૂર્ય સમાન, ત્રીજી નરકે પુનમના ચંદ્ર સમાન, ચોથી નરકે વાદળે ઢાંકેલા ચંદ્ર સમાન, પાંચમી નરકે ગ્રહોના ઉદ્યોત સમાન, છઠ્ઠી નરકે નક્ષત્રના ઉદ્યોત સમાન અને સાતમી નરકે તારાના ઉદ્યોત સમાન જાણવું.

પ્ર૦—છ પ્રકારના પુદ્ગલનું સ્વરૂપ કહેશો ?

ઉ૦—બાદર બાદર તે ખડી માટી કે પાષાણ, જેના ખંડ ખંડ જૂદા જૂદા થઇ શકે. બાદર તે તેલ મધ પ્રમુખ જે ભેળા છતાં સાથે લાગ્યાં રહે. બાદર સૂક્ષ્મ તે શરીરની છાયા, ધુમાડો પ્રમુખ, જે નજરે દેખાયા છતાં હાથવતી ગ્રહાતાં નથી. સૂક્ષ્મ બાદર તે ગંધ રસ સ્પર્શ શબ્દાદિકના પુદ્ગલો જે નજરે દેખાતા નથી, પરંતુ સ્પર્શાદિક લક્ષણો જણાય છે. સૂક્ષ્મ તે અષ્ટ કર્મની વર્ગણાના પુદ્ગલો, જે ચઉફર્શી હોવાથી નજરે દેખી શકાતા જ નથી અને સૂક્ષ્મ સૂક્ષ્મ તે છુટા પરમાણુ બે સ્પર્શવાળા અત્યંત સૂક્ષ્મ જાણવા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—કેવળી સમુદ્દઘાત કયા કેવળી–કેવળજ્ઞાની કરે ?

ઉ૦—જેમનું આયુષ્ય ( છ માસથી ) અલ્પ હોય અને શેષ કર્મ ઘણા રહ્યાં હોય તે બધાને સમ કરવા અને વધારાના હોય તે ખપાવી દેવાને તેવા કેવળી આઠ સમય પ્રમાણ જેની અવધિ છે એવો કેવળી સમુદ્દઘાત કરી નિજ સકળ આત્મપ્રદેશથી સકળ લોકાકાશ પૂરીને વધારાનાં કર્મ હોય તે સઘળા ખપાવી નાંખે, એટલે પ્રદેશોદયે કર્મ ભોગવી લઇ અંતે અયોગી થઇને મોક્ષ પામે.

પ્ર૦—સંક્ષેપે નિગોદનું સ્વરૂપ કહેશો ?

ઉ૦—સકળ લોકાકાશના જેટલા અસંખ્યાતા પ્રદેશ છે તેટલા અસંખ્યાતા ગોળા છે. એક એક ગોળામાં અસંખ્યાત નિગોદ છે. તે પૈકી એક એક નિગોદમાં અનંતાનંત જીવ હોય છે. તેમાં પ્રત્યેક જીવને અસંખ્યાત પ્રદેશ છે. પ્રદેશે પ્રદેશે અનંતી કર્મવર્ગણાઓ છે અને એક એક કર્મવર્ગણામાં અનંતા પુદ્દગલ પરમાણુઓ રહેલા હોય છે, તે પરમાણુમાં અનંતપર્યાય સમકાળે પરિણમે–એવી જીવ અને પુદ્દગલ શક્તિની અત્યંત સૂક્ષ્મતા જાણવી.

પ્ર૦—એક સૂક્ષ્મ નિગોદમાં કેટલા અનંતા જીવ હોય છે ?

ઉ૦—ત્રણકાળ ( અતીત અનાગત અને વર્તમાન કાળ ) ના જેટલા અનંતા સમય છે તે કરતાં અનંત ગણા જીવ એક સૂક્ષ્મ નિગોદમાં હોય છે; તેથીજ જ્યારે જ્યારે કેવળી ભગવંતને સિદ્ધના જીવની સંખ્યા આશ્રી પૂછવામાં આવે છે ત્યારે તે કહે છે કે એક સૂક્ષ્મ નિગોદના અનંતમા ભાગે સકળ સિદ્ધના જીવો જાણવા. મતલબ કે સકળ સિદ્ધના જીવો કરતાં એક સૂક્ષ્મ નિગોદમાં જીવો અનંત ગુણા હોય છે. તેમાંથી એક સમયે કેટલા જીવ વ્યવહાર રાશિમાં આવે ? તો કહે છે કે જઘન્ય એક બે ત્રણ અને ઉત્કૃષ્ટ ૧૦૮. ટુંકાણમાં જેટલા જીવો એક સમયે મોક્ષગતિ પામે તેટલા જીવો નિગોદમાંથી વ્યવહારરાશિમાં આવે; તેમ વ્યવહાર રાશિમાં આવેલા જીવ પાછા કર્મવશાત્ નિગોદમાં એક બે યાવત્ અનંતા સુધી જાય. તે તેમાં ફરીને ગયા છતાં વ્યવહાર રાશિયાજ કહેવાય. તેવા વ્યવહાર રાશિયા જીવ નિગોદમાંથી નીકળે તો ઉત્કૃષ્ટ અનંતા નીકળે પણ અવ્યવહાર રાશિયા તો ઉત્કૃષ્ટ ૧૦૮ સુધીજ એક સમયે નીકળે, વધારે ન નીકળે.

પ્ર૦—ક્ષણમાત્ર સુખ અને બહુકાળ દુઃખ તે શી રીતે ?

ઉ૦—મધુબિંદુઆના દ્રષ્ટાંતે ક્ષણિક સુખ અને પારાવાર દુઃખ. વિષય કષાય વશ જીવ દુર્લભ નરભવ હારી જઈ નરક તિર્યંચ ગતિમાં ઉપજે છે ત્યારે ત્યાં ઘણો કાળ પરવશપણે દુઃખ દાવાનળમાં પચાતો છતો ઝુર્યા કરે છે; પરંતુ જો પ્રથમજ સ્વાધીનપણે આત્મ સાધન કરી લેવામાં સાવધાન રહેવાય તો પાછળથી પરાધીનપણે નરક તિર્યંચાદિક ગતિમાં વિરૂવાં દુઃખ વેદવાં પડે નહિ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્ર૦—યુગ પ્રધાન-આચાર્યમાં કેવા ગુણ હોય છે ?

ઉ૦—પ્રતિરૂપાદિક ૧૪ ગુણો જે ઉપદેશમાળાની શરૂઆતમાં શાસ્ત્રકારે વર્ણવેલા છે તે ત્યાંથી જાણવા.

પ્ર૦—તપ સંયમ દાન અર્ચન અને અનશનથી શું ફળ પ્રાપ્ત થાય છે ?

ઉ૦—તપ સંયમ વડે મોક્ષ, દાનવડે ઉત્તમ ભોગ, દેવાર્ચન વડે રાજ્ય સંપદા અને અનશનવડે ઇન્દ્રપણું પ્રાપ્ત થઇ શકે છે.

પ્ર૦—કયા જીવ અહીંથી મરી મહાવિદેહમાં નવમે વરસે કેવળી થાય ?

ઉ૦—મિથ્યા દ્રષ્ટિ છતાં ભદ્રક પરિણામી એવા કોઈ ભવ્ય જીવ અહીં ભરત ક્ષેત્રમાંથી કાળ કરી મહાવિદેહ ક્ષેત્રમાં અવતરી દીક્ષા લઇ નવમા વરસે કેવળી થઇ શકે.

પ્ર૦—ષટ્ દર્શનનાં નામ ફરમાવશો ?

ઉ૦—બૌધ, નૈયાયિક, સાંખ્ય, જૈન, વૈશેષિક તથા ચાર્વાક એ ૭ દર્શન લેખાય છે ?

પ્ર૦—આ ચોવીશીના ત્રેશઠ શલાકા પુરૂષોમાં જીવો કેટલા તથા તેમના માતા તથા પિતાના જીવોની સંખ્યા કેટલી જાણવી ?

ઉ૦—૧૬-૧૭-૧૮મા તીર્થંકર પણ ચક્રવર્તીપણું પામેલા હતા તે ત્રણ તથા શ્રી વીરપ્રભુનો જીવ પ્રથમ ત્રિપૃષ્ટ વાસુદેવ થયો હતો તે સુદ્ધાં ચારને ત્રેશઠમાંથી બાદ કરતાં ૫૯ જીવ જાણવા. તે બધાની માતાઓ સાથે ત્રિપૃષ્ટની માતાને ઉમેરતાં ૬૦ માતાઓ અને ૯ વાસુદેવ તથા ૯ બળદેવના પિતા એક સમાનજ હોવાથી પિતાઓની સંખ્યામાં ૯ બાદ કરતાં ૫૧ થાય.

પ્ર૦—એક પૂર્વમાં કેટલાં વર્ષો વીતી જાય ?

ઉ૦—૮૪ લાખને ૮૪ લાખે ગુણતાં ૭૦ લાખ ક્રોડ અને ૫૬ હજાર ક્રોડ એટલાં બધાં વર્ષો એક પૂર્વમાં વીતી જાય.

પ્ર૦—અઢાર ભાર વનસ્પતિ કહેવાય છે તેમાં ભારનું માન કેટલું તથા કઈ કઈ વનસ્પતિ મળીને ૧૮ ભાર માન થાય છે.

ઉ૦—દરેક જાતની વનસ્પતિનું એક એક પત્ર લઇ ઢગલો કરાય તો ચાર ભાર માન કેવળ ફૂલમયી વનસ્પતિ, આઠભાર ફળ ફૂલ પાનમયી અને ૭ ભાર માન વેલમયી વનસ્પતિ જાણવી. ત્રણ ક્રોડ, ૮ લાખ, ૧૨ હજાર, નવસો સિતોતર મણે એક ભાર જાણવો.

પ્ર૦—નવ નિયાણાનું સ્વરૂપ સંક્ષેપથી તેના ફળ સાથે કહેશો ?

ઉ૦—૧ રાજાદિક થવાની ઇચ્છા, ૨ શેઠ અથવા અમાત્ય થવાની ઇચ્છા, ૩ સ્ત્રી થવાની ઇચ્છા, ૪ દેવભોગની ઇચ્છા, ૫ દેવી ભોગની ઇચ્છા, ૬ નપુંસક થવાની

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ઈચ્છા, તેમજ વળી ૭ શ્રાવક થવાની ઇચ્છા, ૮ દરિદ્ર-નિર્ધન થવાની ઇચ્છા અને ૯ કર્મ રહિત થવાની ઇચ્છા. એ નવ નિયાણાં. તેમાં પ્રથમના ૭ નિયાણા કરનાર દુર્લભ બોધી થાય. પ્રાયઃ ધર્મશ્રદ્ધા પામે નહિ. સાતમા નિયાણાવાળાને દેશ વિરતિ ઉદય ન આવે, આઠમાવાળાને સર્વ વિરતિ ઉદય ન આવે અને નવમાવાળાને મુકિત ન થાય. એટલા માટેજ નિયાણું વર્જવાનું કહ્યું છે.

પ્ર૦—આવળની છાલમાં કેટલા જીવ હોય છે ?

ઉ૦—અસંખ્યાત જીવ હોય એમ શ્રી પન્નવણાના પહેલા પદમાં કહ્યું છે.

પ્ર૦—સાધુ મુનિરાજના સત્તાવીશ ગુણનું વર્ણન કરશો ?

ઉ૦— છ વ્રત ( પાંચ મહાવ્રત અને રાત્રી ભોજન વિરમણવ્રત ) અને છ કાય ( પાંચ સ્થાવર અને ત્રસકાય ) ની રક્ષા, પાંચ ઇન્દ્રિયોનો નિગ્રહ, લોભ નિગ્રહ ક્રોધ નિગ્રહ, ભાવ વિશુદ્ધિ, પ્રતિલેખના વિશુદ્ધિ, સંયમયોગયુક્તતા, મન વચન કાય કુશળતા, શીતાદિક પીડ સહન તથા મરણાંત ઉપસર્ગ સહન એ ૨૭ ગુણવડે વિભૂષિત મુનિજનો હોય છે.

પ્ર૦—સંસારમાં સારભૂત શું ?

ઉ૦—વિષય કષાયની પરિણતિવાળા સંસારમાં આત્માને હિતરૂપ થાય એવું બીજું કશું સારરૂપ નથી, પરંતુ આત્માની અનંત શક્તિની દ્રઢપ્રતીતિ રૂપ સમ્યગ્દર્શન, આત્માની અનંત ઝવેરાતનું યથાર્થ ભાન ( બોધ ) થવા રૂપ સમ્યગ્જ્ઞાન અને ધૈર્ય ખંતથી આત્મ સમૃદ્ધિ પ્રાપ્ત કરવા સદ્ ઉદ્યમ સેવવારૂપ સત્ ચારિત્ર એ રત્નત્રયીજ ખરેખર સારભૂત છે.

પ્ર૦—ચૌદ પૂર્વધર આહારક શરીર કેટલીવાર કરે ?

ઉ૦—એક ભવમાં બે વાર અને આખા ભવચક્રમાં ચાર વાર.

પ્ર૦—પુદગલ પરમાણુ અને પ્રદેશમાં શો તફાવત ?

ઉ૦—સ્કંધથી છુટો હોય તે પરમાણુ કહેવાય અને એજ પરમાણુ સ્કંધ સાથે લાગેલો હોય તો પ્રદેશરૂપ લેખાય.

પ્ર૦—સાધુ જનો નિગ્રંથ કેમ કહેવાય છે ?

ઉ૦—ધન ધાન્યાદિક નવ પ્રકારનો બાહ્ય પરિગ્રહ અને ત્રણ વેદ ( વિષયાભિલાષ ), હાસ્યાદિક ષટ્ક, મિથ્યાત્વ અને ચાર કષાય એ ચૌદ પ્રકારનો અભ્યંતર પરિગ્રહ ( ગ્રંથિ-ગ્રંથ ) નો ત્યાગ કરવાથી સાધુજનો નિગ્રંથ લેખાય છે.

પ્ર૦—સમકિત ગુણ પ્રગટ્યાનું સ્પષ્ટ સમજાય એવું ચિન્હ શું ?

ઉ૦—જેમ મેઘનો ઉદય દેખી અથવા ગર્જારવ સાંભળીને મોર નાચે છે, કૂદે છે અને કેકારવ કરે છે તેમ શ્રી જિનેશ્વર પ્રભુનું મંગળમય નામ શ્રવણ કરી તેમજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



તેમની મંગળકારી મુદ્રા નિરખી જે ભવ્ય જીવને બાહ્ય અંતર હર્ષોલ્લાસ પ્રગટે, રોમાંચ ખડાં થાય તે તેનું પ્રગટ ચિન્હ જાણવું.

પ્ર૦—સામ દામ દંડ અને ભેદ એ ચાર પ્રકારની નીતિનો આશય શો ?

ઉ૦—સામ તે પ્રેમવાળા મધુર વચનથી સંતોષવું, દામ તે દંડ લઈ દઇ સમાધાન કરવું, ભેદ ગમે તેમ કરી શત્રુવર્ગમાં ફાટફુટ પડાવવી અને દંડ તે કોઇ રીતે ન માને તો યુદ્ધાદિક કરી શિક્ષા આપવી એ આશય જાણવો.

મુનિ કર્પૂરવિજયજી.

# સૃષ્ટિક્રમને લાગુ થતાં સૂત્રો.

## સુપુત્રો.

ભારતિ મૈયાના સુપુત્રો થવા માટે, પ્રથમ જન્મ આપનાર માતાપિતાના પુત્રો થતાં શીખવાની જરૂર છે. જે માણસ પુત્રત્વ સમજી શકતો નથી અને ઉલટી માતાપિતાની લાગણી દુઃખાવે છે, તે ભારતપુત્રનું નામ ધારણ કરવાને યોગ્ય નથી. ધર્મગુરૂઓની લાગણી દુઃખાવવામાં પણ મહાન્ પાપ છે, કેમકે તેઓ ધાર્મિક પિતાને સ્થાને છે.

## હૃદય.

ઘણાને બે હૃદય હોય છે, જેથી દુનિયા પાયમાલીમાં ઉતરતી જાય છે. અધોગતિના પરિણામ બે હૃદયી મનુષ્યોના વર્તન તથા કર્તવ્યકર્મથી ઉદ્‌ભૂત થાય છે, અને તેથી ઘણાને શોષવું પડે છે, માટે બેહૃદયી થવું નહિ, અને બેહૃદયી સાથે અતિ સ્નેહ રાખવો નહિ, કારણ કે તેનાથી સાવધાનતા પૂર્વક વર્તવાથી ભવિષ્યમાં ફટકો વાગવાનો કિંચિત્ માત્ર પણ ભય રહેતો નથી.

## આત્મસંશોધન.

આત્માન્વેષણ–આત્મસંશોધન કરવાની અહોરાત્ર ચિવટ રાખવી, ધર્મચુસ્ત વડિલો, ધર્મગુરૂઓ અને જ્ઞાની સજ્જનો સાંથે શિષ્યભાવે વર્તવાથી અને સ્વધર્મનો અભ્યાસ કરી સ્વધર્મપરાયણ થવાથી આત્મસંશોધન થઇ શકે છે, અને એ સંશોધનમાં જ સાક્ષાત પરમાત્માના દર્શન થાય છે.

## પિતા.

પિતા બનવાની ઉચ્ચેચ્છાવાળાઓએ પ્રથમ પુત્ર બનતા શીખવું, અને માતાઓ માટે પણ એમજ સમજવું.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



## વારસો.

વારસામાં ધન ન મળે તો જરૂર નથી, પણ સહનશક્તિ, બ્રહ્મચર્ય, સ્વધર્મનુરક્તતા, પરોપકારિતા, સેવાભાવના, દેશદાઝ તો જરૂર મળવાંજ જોઇએ.

## નોકર અને શેઠ.

નોકરમાંથી શેઠ બનનાર—દીનમાંથી ધનિક બનનાર—દુનિયાને બહુધા ઉપયોગી થઇ પડે છે, પણ શેઠમાંથી શેઠ જન્મનાર અને જન્મથી ગાડીઘોડામાં ફરનાર ઘણાને ભારરૂપ થઇ પડે છે.

## જરૂરીયાત.

જીવનની જરૂરીયાતો દુર હમેશ કમી કરતા જવી.

ગુલાબચંદ મુળચંદ બાવિશી—ચુડાવાળા.

# પ્રમાદ.

જીવનના ઉન્નતિક્રમમાં આગળ વધવાને આળસનો ત્યાગ કરવો જોઇએ. આળસુ માણસ આગળ વધી શકતો નથી. વ્યવહારિક દૃષ્ટિથી વિચાર કરતાં શારિરિક માનસિક અને આર્થિક ઉન્નતિમાં ઘણે ભાગે ઉદ્યોગી—પુરૂષાર્થવાનજ આગળ વધી શકે છે. કોઇ વ્યક્તિ નશીબના યોગથી એકદમ અધમ સ્થિતિમાંથી ઉચ્ચ દરજ્જા ઉપર આવી જાય તેટલા ઉપરથી તેઓનું અનુકરણ કરાય નહિ. નાના દરજ્જા અથવા ગરીબ સ્થિતિમાંથી પોતાના પરાક્રમ યોગે જેઓ ઉચ્ચ દરજ્જા અને સ્થિતિ ઉપર આવ્યા હોય તેઓજ બીજાને અનુકરણ કરવા યોગ્ય હોય છે. વ્યવહારમાં ફક્ત આળસુનેજ પ્રમાદીની ઉપમા અપાય છે. આળસને પ્રમાદના પર્યાય વાચક શબ્દ તરીકે ગણવામાં આવે છે.

જૈન શાસ્ત્રકારોએ પ્રમાદને મોટો શત્રુ ગણી અનંત સંસારમાં રખડાવનાર તરીકે માનેલો છે. ભગવંત શ્રી મહાવીર સ્વામીના મુખ્ય ગણધર શ્રી ગૌતમસ્વામી જેવા સમર્થ શિષ્યને ભગવંત વખતોવખત પ્રમાદ નહિ કરવા ઉપયોગ આપતા હતા. પ્રમાદની વ્યાખ્યા વ્યવહારિક દૃષ્ટિથી આપણે જે પ્રમાણે કરીએ છીએ તેના કરતાં શાસ્ત્રકારોએ તેની વ્યાખ્યા બહુજ મોટા પ્રમાણમાં કરેલી છે. આઠ પ્રકારના મદ, પાંચ પ્રકારના વિષય, ચાર અથવા સોળ પ્રકારના કષાય, નવ નોકષાય, પાંચ પ્રકારની નિદ્રા, ચાર પ્રકારની વિકથા એનો સમાવેશ પ્રમાદમાં કરેલો છે. જેટલો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જેટલો કાળ એ ખાતે જાય તે તમામ કાળ-વખત પ્રમાદમાં ગયો એમ માનવામાં આવે છે. એમાં જેટલો કાળ-વખત જાય તે તમામ વખત આપણને ઉન્નતિક્રમમાં આગળ વધતાં અટકાવનાર છે. આત્મિક અથવા વ્યવહારિક ગમે તે પ્રકારની ઉન્નતિમાં આગળ વધવાનો પ્રયત્ન કરનાર, શાસ્ત્રકારોએ બતાવેલા પ્રકારના કોઇ પણ પ્રકારમાં પોતાનો વખત ગાળે-ગુમાવે તો તેટલો વખત-કાળ-તેને તેના ઉન્નતિક્રમમાં આગળ વધવાના કાર્યમાં અટકાવે છે. ગુણ અને તેના પ્રતિપક્ષી દુર્ગુણનો એવો સંબંધ છે કે જ્યાં એકનો અમલ ચાલતો હોય ત્યાં બીજો આવી શકે નહિ. ષટ્ ગુણ હાનિ વૃદ્ધિના સ્વરૂપથી કુદરતનો એ નિયમ સમજાય તેમ છે. ધારો કે એક માણસ મહાન્ ગુણી અને જ્ઞાની છતાં પ્રમાદ દશામાં આવ્યો તો અપ્રમત્ત થઇને જ્ઞાન અને ગુણમાં વધતો હતો તે વધતો અટક્યો. તેની તેને હાનિ થવાની અને પ્રમાદ દશામાં જે પ્રકારના દુષણોમાં તે સપડાયો હોય તે દુષણો તેનામાં વૃદ્ધિ પામવાના, માટે જ્ઞાન અને ગુણમાં વધવાની ઇચ્છા ધરાવનારે ગુણના પ્રતિપક્ષી દુર્ગુણોનું સ્વરૂપ સારી રીતે સમજી તેમાં પોતે ન સપડાય તેને માટે કાળજી રાખવાની છે. વસ્તુસ્થિતિ આ પ્રમાણે હોવાથી આપણે પ્રમાદનું યથાર્થ સ્વરૂપ સમજવા પ્રયત્ન કરવાની જરૂર છે. આઠ પ્રકારના મદ—૧ જાતિમદ, ૨ કુલમદ, ૩ બળમદ, ૪ રૂપમદ, ૫ તપમદ, ૬ ઐશ્વર્યમદ, ૭ જ્ઞાનમદ, ૮ લાભમદ, આ આઠ પ્રકારના મદ છે. જેમ કોઇ પ્રાણીને પોતાની ઉત્તમ જાતિનું અભિમાન ઉત્પન્ન થાય, તેમજ ઉતમ કુળનું અભિમાન થાય, બીજાના કરતાં પોતાનામાં બળ વધારે હોય અથવા સાધારણ માણસથી ન થઇ શકે એવું એકાદ કાર્ય પોતાના બળને લીધે કરવામાં આવે તે વખતે તેનો ગર્વ થાય, પોતે રૂપવાન્ હોય તેનો મનમાં ગર્વ ધરાવે, બીજાઓના કરતાં વધુ તપ કરે તેનો મદ કરે, પોતે ઘણો ધનવાન થાય અથવા રાજ્યઋદ્ધિ પ્રાપ્ત કરે તે બાબત મગરૂરી ધરાવે, વ્યવહારિક અથવા ધર્મશાસ્ત્રના જ્ઞાનનું અજીર્ણ ઉત્પન્ન થાય તથા પોતાની શક્તિ ઉપરાંત લાભ મેળવવાથી તેનો મદ રાખે. એ સર્વને મદ નામનો પ્રમાદ ગણેલો છે.

પાંચ ઇંદ્રિયના વિષય મેળવવા અને મેળવેલા વિષયનો ભોગોપભોગ કરવામાં વખત કાઢે તે વિષય પ્રમાદ ગણાય છે. ક્રોધ, માન, માયા, લોભ, આ ચાર કષાય છે અને તેના અનંતાનુબંધી, અપ્રત્યાખ્યાની, પ્રત્યાખ્યાની અને સંજ્વલન એમ પ્રત્યેકના ચાર ચાર પ્રકાર છે. એટલે તેના સોળ ભેદ છે. એ સોળમાં જે કાળ જાય તે કષાય પ્રમાદ ગણાય છે તેમજ તે કષાય મોહનીય નામના કર્મમાં તેનો સમાવેશ થાય છે.

નવ નોકષાય—હાસ્ય, રતિ, અરતિ, ભય, શોક અને દુગંચ્છા, પુરૂષ, સ્ત્રી

For Private And Personal Use Only

અને નપુંસકને કામનો ઉદય–તે ભોગવવાની ઇચ્છા અને ભોગવવામાં જનારો વખત એ નોકષાય પ્રમાદ ગણાય છે. તે નોકષાયમોહનીય કર્મની પ્રકૃતિઓ છે.

પાંચ પ્રકારની નિદ્રા—૧ નિદ્રા, ૨ નિદ્રાનિદ્રા, ૩ પ્રચલા, ૪ પ્રચલાપ્રચલા, ૫ થીણુદ્ધિમાં કાઢવામાં આવતો કાળ એ નિદ્રાપ્રમાદ ગણાય છે અને તેનો સમાવેશ દર્શનાવરણીય કર્મમાં થાય છે.

ચાર પ્રકારની વિકથા—૧ રાજકથા, ૨ દેશકથા, ૩ સ્ત્રીકથા અને ૪ ભોજનની કથા. આ ચાર પ્રકારની વિકથા એટલે જેમાં વાત કરનારનો પોતાનો અંગત સ્વાર્થ બીલકુલ હોય નહિ તેમજ વાત પ્રશસ્ત ન હોય–અપ્રશસ્ત હોય. જે વાતો કરવામાં કંઇ પણ લાભ ન હોય તેવી વાતો કરવામાં પોતાનો વખત ગુમાવવો તે વિકથા પ્રમાદ ગણાય છે. આ ઉપરથી સમજાય છે કે એકલા આળસુ થઇને એદીની પેઠે સુઇ રહીએ અથવા બેસી રહીએ અથવા નકામા ફર્યા જ કરીએ એ એકલો જ પ્રમાદ છે એમ નથી, પણ ઉપર બતાવેલા મુખ્ય સુડતાળીસ પ્રકારોનાં ગમે તે એક પ્રકારનું આલંબન લઇ તેમાં આપણો વખત ગુમાવીએ તે પણ તમામ પ્રમાદ છે.

શાસ્ત્રકારોએ મનુષ્યજીવનનો મુખ્ય ઉદ્દેશ આત્મિક પ્રગતિ કરવાનો માનેલો છે. જેઓના મનમાં સંસારયાત્રા–જન્મ મરણ ઓછાં કરવાના વિચારો આવતા હોય, જન્મ મરણથી જેને કંટાળો આવતો હોય તેઓએ પ્રમાદનું યથાર્થ સ્વરૂપ સમજવું અને પછી પોતાનો કાળ પ્રમાદમાં ન જાય અથવા ઓછો જાય તેની કાળજી રાખવી. જો તેવી કાળજી રાખવામાં ન આવે તોપછી સંસારયાત્રા ઓછી કરવાના વિચારો આપણામાં પ્રગટ થયા છે એવો હક્ક આપણે કરી શકીએ નહિ. સંસારયાત્રાથી કંટાળેલા જીવે સમ્યગ્ જ્ઞાન–દર્શન-ચારિત્ર જે આત્માના મુખ્ય ગુણો ગણાય છે, તે ગુણો ખીલવવા સારૂ તેના પ્રતિપક્ષી અજ્ઞાન–મિથ્યાત્વ અને ચારિત્રમોહનીનું સ્વરૂપ સમજીને તેનો નાશ કરવાનો મહાન પ્રયત્ન આદરવો જોઇએ. ભાવી હશે એમ બનશે એવું વિચારી બેસી રહેવાનું નથી અથવા બહાના બતાવવાનાં નથી. બેસી રહેવાથી અથવા બહાના કાઢવાથી આપણે પોતાને નુકશાન કરીએ છીએ અને તે નુકશાન એવા પ્રકારનું છે કે ફરી આવા પ્રયત્ન કરવાનો આપણને ક્યારે પ્રસંગ મળશે તે કલ્પી શકાય તેમ નથી. ઉપર પ્રમાણે આત્મિક પ્રગતિ કરવા સારૂ પ્રમાદનો નાશ કરવા ઉહાપોહ કરેલ છે. જે નિયમો આત્મિક પ્રગતિને લાગુ છે તેજ નિયમો વ્યવહારિક ઉન્નતિને પણ આપણે કેમ લાગુ પાડી શકીએ નહિ?

વ્યવહારિક ઉન્નતિના ત્રણ ભાગ આપણે પાડી શકીએ. શારિરીક, માનસિક

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને આર્થિક. આ ત્રણ પ્રકારની ઉન્નતિમાં આગળ વધવાની ઇચ્છા ધરાવનાર જો ઉપર બતાવેલા ૪૭ પ્રકારમાંના કોઇ પણ પ્રકારના પ્રમાદમાં પોતાનો વખત ગુમાવે, તેમાં મશગુલ રહે તો તે પોતાની ઉન્નતિ કરવાની ધારણામાં સફળ થઇ શકશે નહિ એમ શાંત ચિત્તથી વિચાર કરવાથી ખાત્રી થશે.

જેઓને આઠ પ્રકારના મદમાંથી કોઇ પણ પ્રકારનો મદ થાય, પાંચ ઇંદ્રિયના વિષયમાં રાચીમાચી તેમાં પોતાનો વખત ગુમાવે, કષાય અને કામભોગમાં કાળ કાઢે, નકામી વાતો કરવામાં આનંદ માને અને હદ કરતાં વધારે ઉંઘવાની ટેવ રાખે તેઓને આવા પ્રકારની ઉન્નતિ કરવાના વિચારો કયાંથી ઉત્પન્ન થાય? કદાપિ થાય એમ માનીએ તોપણ પ્રમાદનું જે સ્વરૂપ આપણે ઉપર જોઇ ગયા તેમાં પોતે સપડાએલો હોય એટલે સ્વઉન્નતિ કરવાનો તેને વખત જ મળે નહિ.

જો આપણે કોઇ પણ પ્રકારની ઉન્નતિ કરવાની ઇચ્છા ધરાવતા હોઇએ તો ઉપર જણાવેલા પ્રમાદના સર્વ પ્રકારમાંના કોઇ પણ પ્રકારમાં આપણો કાળ બીલકુલ જાય નહિ અથવા જેમ બને તેમ ઓછો જાય તેને માટે આપણે કાળજી રાખવી જોઇએ.

ગમે તે દેશના ઇતિહાસનો અને મહાન્ પુરૂષોના ચરિત્રોનો અભ્યાસ કરીશું તો આપણી ખાત્રી થશે કે ઉપર બતાવેલા પ્રકારમાંના ઘણા પ્રકારો તેમનામાં નહિ હોય. જો તેમનામાં ઉપર બતાવેલા મહાન્ દુર્ગુણોનો સર્વાંશે પ્રાદુર્ભાવ હોત તો તેઓ આગળ વધી કંઇ પણ અનુકરણીય દ્રષ્ટાંત મુકી ગયા છે તે મુકી જાત જ નહિ

આપણા જીવનમાં આપણે વ્યવહારિક ઉન્નતિમાં ન્યાયપૂર્વક આગળ ન વધીએ અથવા આત્મિક ઉન્નતિમાં પ્રવેશ કરી જીવનને ઉચ્ચ કોટી ઉપર ન લઇ જઇએ તો પછી જીવન નિરર્થક ગુમાવ્યું એમ કેમ ન મનાય? આમાં જે કંઇ કાળજી રાખવાની છે તે પ્રમાદમાં કાળ નહિ ગુજારતાં કાંઇ પણ ઉન્નતિમય કાર્યમાં કાળ જાય તેને માટે રાખવાની છે. જેઓએ વખતનો-કાળનો સદ્ઉપયોગ કર્યો છે તેઓ જ કંઇ પણ ઉપયોગી જીવન ગુજારી શક્યા છે અને જેઓ વખતનો સદ્‌ઉપયોગ કરશે તેઓ જ જીવનને ઉચ્ચ કોટી ઉપર લઇ જઇ શકશે.

શાંત ચિત્તથી વિચાર કરવામાં આવશે તો ઉપરના વિચારની સત્યતાનો ખ્યાલ આપણને આવી શકશે.

નંદલાલ લલુભાઇ વકીલ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# आत्मानुं स्वरूप.

આ જગતમાં મુખ્ય બે વસ્તુ છે. એક જડ, અને બીજી ચૈતન્ય. સર્વ પ્રાણીઓના દેહ તથા બીજું જે દૃશ્ય છે તે સઘળું જગત જડ પદાર્થમાંથી બનેલું છે ને, અને તે સઘળાને જીવન આપનાર તે ચૈતન્ય, જડ પદાર્થ વિકારવાળો એટલે તેના અનેક આકાર અને રૂપાંતર થાય છે પણ અવિકારી ચૈતન્યનો કશો આકાર કે રૂપાંતર થતું નથી. કાળાંતરે પણ તેનો ક્ષય થતો નથી. તે વધતો કે ઘટતો નથી પણ એ સર્વને વિષે જીવનરૂપ હોવાથી તેને જીવ એવી સંજ્ઞા આપેલી છે. એ જીવને ઓળખ્યો એટલે પરમાત્માને ઓળખવાનું દ્વાર ખુલ્લું થાય છે. જીવ એ અખંડાનંદ પરમાત્મસ્વરૂપ છે. તેની સત્તા સર્વ દેહનગરના રાજ્ય ઉપર ચાલે છે એ સહજમાં કળી શકાય તેવી નથી. તો પણ ટુંકામાં બતાવું છું.

જેમ કોઇ એક રાજ્યનો રાજા છે, તે આખા રાજ્યનો ધણી છે. તે સર્વના ઉપર તેની સત્તા છે; પરંતુ રાજ્યનું સઘળું કામકાજ તે જાતે કરી શકતો નથી, માટે રાજ્યના કાર્યભાર સારૂ તેને અનેક કારભારીઓની જરૂર પડે છે, અને તેઓને હાથે કામ કરાવવું પડે છે. તેમાં જો તે કારભારીઓ નીચ સ્વભાવના સ્વાર્થી હોય તો તેઓ પોતાના સ્વભાવને અનુસરીને રાજાને પણ અનેક ઉલટી વાતો સમજાવી છળકપટથી પોતાને વશ કરી લે છે ને પોતાના એક રમકડા સરખો પરતંત્ર કરી દઈ ગમે તેવા નીચ માર્ગે ઉતારી પાડે છે. તેમ આ જીવ પણ દેહનગરના રાજ્યનો રાજા છે. તેના કારભારીઓ કુટિલ સ્વભાવના, નીચ અને સ્વાર્થી છે તે છળકપટ કરી તેને પોતાને વશ કરી લઇને અધમ માર્ગે ઉતારી પાડતાં વાર લગાડતા નથી. તેથી તેઓના હાથમાં પરતંત્ર થઇ ગયેલા જીવને આ લોકના કે પરલોકના સુખની આશાજ રહેતી નથી, તો પછી સર્વ સુખનું મૂળ એવું પોતાનું સ્વરૂપ જાણવાની તો આશા શાની જ હોય ? આટલા માટે પ્રથમ જીવના સૈન્યને મનુષ્યે સારી પેઠે ઓળખીને નાશ કરવાની જરૂર છે.

આ શરીર જે જીવનું રાજ્યનગર છે, તેમાં બુદ્ધિ તે રાજાનો મંત્રી છે, કામ પ્રધાન છે, ક્રોધ સેનાપતિ છે, ચક્ષુ શ્રોત્રાદિક જ્ઞાનેંદ્રિયો તેના કાર્યભારીઓ છે ને હસ્તપાદાદિક તેના અનુચરો છે. સારી નરસી વાસનાઓ તેની પ્રજા છે. તેમાં કામ જે તેનો પ્રધાન છે તે બહુ જૂઠો પાખંડી અને સર્વ અધમતાનું મૂળ છે. ક્રોધ સેનાપતિ મહા ક્રૂર અને નિર્દય છે. એ સર્વદા જીવનો ઘાતજ ઇચ્છે છે. કામ પ્રધાન એમ સમજે છે કે રાજાનો સર્વ વૈભવ હુંજ ભોગવું ને તેનું દ્રવ્ય ખર્ચી નાખું, તેથી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



બુદ્ધિરૂપ મંત્રીની સાથે એકતા તથા એક વિચાર ન રાખતાં તે કેવળ સ્વેચ્છાચારી બની જાય છે. આવા કારણથી જીવરાજનું નગર બહુ દુઃખી રહે છે. આમ છતાં પણ જો જીવરાજ સાવધ અને દ્રઢ બની પોતાના ડાહ્યા મંત્રી બુદ્ધિની સાથે એકમત થઇને–શાંતપણે વિચાર ચલાવે ને ઉત્પન્ન થયેલા કામની સત્તા નિર્બળ કરી નાખી તેને પોતાને વશ કરી લઇને પોતાનો કરી રાખે તો પછી ક્રોધાદિ પોતાની મેળેજ આધીન થઇ જાય છે અને જીવરાજના રાજ્યમાં કોઇ જાતનો ઉત્પાત કરી શકતા નથી. આમ થવાથી જીવરાજનું રાજ્ય પરમ સુખ રૂપ થાય છે. કામ અને ક્રોધ મહા નટખટ છે ખરા, પણ તેને શરીરની રક્ષાને માટેજ રાખેલા છે, શરીરના નાશને માટે રાખેલા નથી. પરંતુ જો જીવ તેમને વશ થઇને દુરાચારી બની જાય તો તેનું આખું રાજ્ય નાશ પામે છે. શરીરની દરેક ઇંદ્રિયને પણ જો સ્વચ્છંદતાથી પોતાને ઇચ્છિત માર્ગે ચાલવા દેવામાં આવે તો તેથી પણ મોટો અનર્થ થાય છે, માટે જીવરાજ સર્વ ઇંદ્રિયોને પોતાને વશ રાખે, સર્વને પોત પોતાની ઇચ્છાનુસાર ચાલવા ન દે તોજ જીવરાજનું રાજ્ય સુખરૂપ ચાલે. કામ, ક્રોધ ઇત્યાદિ વિના દેહરૂપી રાજ્યનો નિભાવ થતો નથી, તેમ તેઓ પ્રબળ અને ઉન્મત્ત થઇ જાય તો તેથી પણ અનર્થ થાય છે; માટે પ્રત્યેક સમયે બુદ્ધિરૂપી મંત્રીએ તેઓને પ્રબળ ન થવા દેતાં હમેશાં દબાયલા જ રાખવા જોઇએ. તેઓ પોતાને વશ રહે એટલે જીવરાજ સદા સાવધ રહી પોતાપણાને વિસરી જતો નથી, પોતાનું રાજ્ય સુખરૂપ ચલાવે છે અને પરમાત્માથી વિમુખ ન થતાં તેની કૃપાનું પાત્ર બની જાય છે. પરમાત્માની કૃપા સંપાદન કરવી એજ તેનું ખરૂં કર્ત્તવ્ય છે; કેમકે તે કૃપાળુ તો પોતે સમાન છતાં તદ્રૂપ છતાં તેમનાથી દૂર પડી ગયો છે. તે તેમની કૃપા વિના તેમનાં દર્શન પામવાનો નથી, તેમને મળવાની તદ્રૂપ થઇ જવાની તો આશાજ ક્યાંથી? જો જીવ ઇંદ્રિયોને વશ થઇ પોતાની મરજી પ્રમાણે ચાલવા માંડે છે તો તે જીવનો આ જગતમાંથી કાળાંતરે પણ છુટકો થતો નથી, પણ જો તેને કોઇ સત્પુરૂષનો સમાગમ થાય છે તો તેનું કલ્યાણ થઇ શકે છે. તે ઉપર એક દ્રષ્ટાંત છે તે બહુ ઉપયોગી હોવાથી આ નીચે આપવામાં આવ્યું છે. દરેક મનુષ્યે આત્મકલ્યાણાર્થે ઇંદ્રિયોને દમી કબજામાં રાખી પરમાત્માની ભક્તિ કરવાની ટેવ પાડવી. જે મનુષ્ય પોતાના ઉપર મરણ છે એવું જાણી પાપકર્મ કરતાં હમેશાં ડરતો રહે છે તેમજ કરેલાં કૃત્યનો જવાબ આપવાનો છે એવું જાણે છે તે કદાપિ અયોગ્ય કર્મ કરતો નથી. અર્થાત્ તેનું ફળ ભોગવવાનું છે એમ તે સમજે છે.

એક મહાન રાજા હતો. તે વિષય વાસનામાં ભાન ભૂલી જઇ પોતાની રૈયતની સ્ત્રીઓ ઉપર બેઅદબી જુલમ ગુજારતો હતો. તેમજ તેના જનાનાની સર્વ રાણી-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



એને પણ વિષય સુખમાં અંધ બની બહુ દુઃખ આપતો હતો. એક વખત તે અરણ્યમાં મૃગયા રમવા ગયો. મધ્યાન્હ કાળ થયો, એટલે પોતાના નગર તરફ પાછો વળ્યો, ભૂખ અને તરસની વ્યથાથી મહા કષ્ટ ભોગવતો તે ચાલ્યો આવે છે, દરમ્યાન તે રસ્તે ચાલ્યા જતાં એક મુનિરાજ તેને મળ્યા તેને જોઇ તે રાજા બોલ્યો–' હે સાધુ ! મને બહુ ભૂખ લાગી છે, માટે તારી ઝોળીમાંથી મને ખાવાનું આપ, નહિતર તને મારીને લઇશ.' આવા શબ્દ રાજાના મુખમાંથી નીકળ્યા કે તરતજ એક દેવતા તે સાધુની રક્ષાને માટે મનુષ્યરૂપે પ્રગટ થયો અને રાજાને કહ્યું–' અહો રાજેંદ્ર ! આપને ખાવાની આકાંક્ષા થઇ છે તો આ એક જંગલની બુટ્ટી છે તે આપ આરોગો જેથી આપના ભૂખ અને તરશ શાંત થઇ જશે.' આમ કહીને તે દેવે રાજાને એક રૂપિયાભાર નિર્જીવ વનસ્પતિ આપી અને સાધુને વહોરવા વિનંતિ કરી. મુનિએ હા પાડી એટલે મુનિરાજને દશ રૂપિયાભાર વહોરાવી. રાજા શાંત થઇ નગર તરફ ગયો, પણ જડીબુટ્ટીના પ્રભાવથી તેને કામશક્તિ એટલી બધી જાગૃત થઇ કે અનેક રાણીઓ સાથે ભોગવિલાસ કર્યા છતાં પણ કામની શાંતિ થઇ નહિ. આથી તે રાજાએ વિચાર કર્યો કે ' એક રૂપિયાભાર વનસ્પતિ મેં ખાધી છે તેના પ્રતાપથી મને વિષય એટલો બધો જાગૃત થયો કે અનેક રાણીઓ સાથે ભોગવિલાસ કર્યા છતાં પણ કામ શાંત થયો નહિ. તો મારા દેખતાં તે સાધુને દશ રૂપિયાભાર મારા જેવી વનસ્પતિ આપેલી તેજ ખાઇ ગયા છે. તો તેને કામ અત્યંત પેદા થયો હશે. તો તે કેટલીક સ્ત્રીઓ રાખતા હશે ?' આ હકીકતનો નિર્ણય કરવા માટે તે સાધુને શોધતો ચાલ્યો. બીજે દિવસે તે એક પાસેના ગામડામાં મળી આવ્યા એટલે તેમની પાસે જઇ નમન કરીને પૂછ્યું ' હે દયાળુ ! કાલે આપની સાથે જે મનુષ્ય હતો તેણે મને આપેલી બુટ્ટી ખાવાથી મને એટલો કામ પેદા થયો કે જે અનેક રાણીઓ ભોગવતાં પણ શાંત થયો નહિ, આપે તો મારા કરતાં દશ ગણી તે વનસ્પતિ ખાધી છે તો આપને મારા કરતાં અનહદ કામ જાગૃત થવો જોઇએ. તો આપને કેટલી સ્ત્રીઓ છે તે કહો અને મને તે બતાવવા કૃપા કરો.' મુનિરાજ બોલ્યા ' હે રાજેશ ! મારે અસંખ્ય સ્ત્રીઓ છે અને તે સઘળી અમારી સન્મુખજ રહે છે પણ અમારી વિદ્યાના યોગે તે દેખાતી નથી; પણ જો તને જોવાની ઇચ્છા થઇ હોય તો કાલે પ્રભાતમાં આવજે. જો કે કાલે પ્રભાતમાં તારૂં મૃત્યુ છે, છતાં દાન પુણ્યના યોગે કદિ તારૂં અવસાન ન થાય તોપછી તું મારી પાસે આવજે. તે વખતે તમામ સ્ત્રીઓ તને દેખાડીશ.'

મુનિએ આ પ્રમાણે કહ્યા પછી ગઇ કાલે આવેલો દેવતા મનુષ્ય રૂપ ધારણ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



કરી તે રાજાની સન્મુખ આવી ઉભો રહ્યો અને કહેવા લાગ્યો–' હે રાજા આજે પણ મારી પ્રસાદી ચાખતા જાઓ અને કાલે ઠરાવેલ વખતે આપ મુનિ પાસે પધારજો, એટલે તે સઘળી સ્ત્રીઓ તમને બતાવશે.' રાજા તેની વાત સાંભળી ભુટ્ટી ખાઇને ચાલતો થયો. દેવ પણ પોતાને સ્થાનકે ગયો.

મુનિના મુખથી મરણના સમાચાર સાંભળી રાજા ભયભીત થયો અને મહેલમાં આવીને તે વાતની જનાનાને અને પ્રધાન, અમલદાર, રાજકુંવર સર્વને જાણ કરી; એટલે રાજાની પૂરતી સંભાળ રાખવાની ગોઠવણ કરવામાં આવી. છતાં મરણના ભયમાં તેની આખી રાત ચાલી ગઇ.

પ્રભાત થયો. પોતાનું મરણ થયું નહિ, તેથી તે રાજા મુનિ પાસે આવી કહેવા લાગ્યો–' હે દયાળુ ! હવે આપની સ્ત્રીઓ બતાવો.' મુનિ બોલ્યા–' હે રાજા આજ રાત્રિએ તેં ભોગવિલાસ કેવા કર્યા ? તે કહે, ત્યારબાદ હું તને મારી સ્ત્રીઓ બતાવીશ.'

રાજા કહે ' મહાત્મા ! મરણની બીકથી ભોગવિલાસ કરવાનું મને ભાન રહ્યું નથી. આખી રાત્રિ મારૂં મન મરણની બીકમાં પરોવાયલું રહેલું છે તેથી ભોગવિલાસની વાત તો તદન ભૂલી ગયો છું.' મહાત્મા બોલ્યા–' હે નરેશ ! મેં તને મરણના વખતની બાર કલાકની મહેતલ આપી હતી તેમાં પણ તું ભાન ભૂલી ગયો અને મરણના ભયથી ભોગવિલાસ પણ ભૂલી ગયો, તો અમે તો ડગલે ડગલે મરણના ભયથી ડરીએ છીએ કે રખેને કદાચ કોઇ અઘટિત કાર્ય થઇ જશે તો મુઆ પછી તેનું ફળ અવશ્ય ભોગવવું પડશે. આવી ચિંતામાં સતત્ પડેલા એવા અમને ભોગવિલાસ કરવો કેમ સૂઝે અને તેથી જ હે રાજન્ ! અમારે સાધુને તે સ્ત્રીઓ કયાંથી હોય ? ' આવાં બોધદાયક વચનો મુનિના મુખથી સાંભળી રાજા મનમાં વિચારવા લાગ્યો કે–' મેં મનુષ્યદેહ ધારણ કરી કાંઇ પણ જીંદગીનું સાર્થક કર્યા વગર માત્ર ભોગવિલાસમાં મારી આખી ઉમર ગુજારેલી છે. મરણનો ભય છોડી દઇ અઘટિત કાર્યો કરવામાં ખામી રાખી નથી, તેથી મને ડર રહે છે કે મુઆ પછી મારી કેવી ગતિ થશે ? ' રાજાનું મુખ ઉદાસિન જોઇ મુનિ બોલ્યા–'હે રાજન્ ! શું વિચાર કરે છે ? તારે તારા આત્માનું કલ્યાણ કરવું હોય તો તારી ઇંદ્રિયોને વશ રાખી મરણની બીક રાખ; કેમકે મુઆ પછી તારે તારાં કરેલાં પાપ પુણ્યનો જરાએ જરા હિસાબ આપવો પડશે અને તેનો બદલો ભોગવવો પડશે.' આ પ્રમાણે સાંભળી રાજાએ અઘટિત કર્મો કરવાં તે વખતથી જ છોડી દીધાં અને સુકૃત્યો કરી બાકીનું આયુષ્ય ભોગવી દેવલોકમાં દેવ થયો. ત્યાંથી ચ્યવી ઉત્તમ ગતિને પામશે.

આ વાતનો તાત્પર્ય એ છે કે જીવ એક રમકડા જેવો છે. તેને કામ ક્રોધાદિ જેવી રીતે નચાવે તેવી રીતે તે નાચે છે; માટે કામ ક્રોધાદિકને વશ ન થતાં દરેક ઇંદ્રિયોને વશ રાખી સારાં કાર્યો કરવાં કે જેથી સદ્દગતિની પ્રાપ્તિ થાય છે.

અમીચંદ કરશનજી શેઠ.—સ્કુલ માસ્તર-વીશાબડમલીયા.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# समेतशिखरने मार्गे.

ઋજુવાલુકા (બરાકા)થી આગળ વધ્યા, સૂર્યોદય થઇ ગયો હતો, પક્ષીઓ ચારે તરફ ઉડી રહ્યા હતા, વૃક્ષની ઘટાઓ પોતાની છાયા સડક પર નાખતી હતી, આખો રસ્તો બાંધેલો અને સાફ જણાતો હતો, પછવાડે ગાડાની હાર લાગી હતી, આકાશ પોસ માસનું તદ્દન નિર્મળ હતું, બે દિવસ પહેલાં વરસાદ થઇ ગયો હતો, તેથી જમીનમાં ઠંડક અને પોસ માસની ટાઢ બન્નેનો સહયોગ થયો હતો, ગરમ ઓવર કોટથી શરીરને ઢાંકી લઇ ભૈરવ રાગમાં 'ચલના જરૂર જાકું તાકું કૈસા સોવના' બોલનાર મુમુક્ષુ સાથે પાદગમન કરવા માંડયું, બેસવાની જરૂર હોય તો ગાડાની સગવડ હતી, પણ પ્રભાતના આનંદનો લાભ લેવા અને વિચારપથમાં ચાલી રહેલી ચર્ચાને સ્પષ્ટ સ્વરૂપ આપવા મન તરવરી રહ્યું હતું. મુમુક્ષુ જિજ્ઞાસુ અને કાંઇક અભ્યાસી હતા, તેમણે પણ ' ઘડી ઘડીકા–પલ પલકા–લેખા લીયા જાયગા ' એ સંદેશો સાંભળ્યો ત્યારથી કાંઇક વાત કરવાના ખ્યાલમાં પડી ગયા હતા યાત્રાળુ સમુદાયને પછવાડે રાખી અમે બન્ને સમેતશિખરને માર્ગે આગળ વધ્યા, સામે પાર્શ્વનાથનાં શિખરો અને બન્ને બાજુની વૃક્ષ ઘટા–એકને ચક્ષુ સન્મુખ રાખી, બીજાનો આશ્રય કરી શાંત નિર્જન સ્થાનમાં અમે આગળ વધ્યા. તે પ્રસંગે અમારી વચ્ચે કેટલીક વાતચીત થઇ તેનો સાર અત્ર નોંધી લીધો છે સગવડ ખાતર આપણે ગાન કરનારને મુમુક્ષુ અને સાંભળનાર વિચારકને પંથીના નામથી ઓળખશું. તેઓ બન્ને વચ્ચે થયેલી વાત નીચે પ્રમાણેની મતલબની હતી.

પંથી—' આ માર્ગ બહુ સુંદર છે, વનરાજી વિકસી રહી છે. પક્ષીઓ શાંત મધુર અવાજ કરે છે, સૂર્ય પ્રકાશી રહ્યો છે પણ ગરમી જણાતી નથી, ભૂમિની પવિત્રતા મનને પ્રમોદ કરાવે છે, આપણે આગળ ચાલ્યા જઇએ અને અંતરાત્માની શાંતિનો અનુભવ કરીએ.'

મુમુક્ષુ—' આપ કહો છો તે તદ્દન સત્ય છે. યોગમાં સ્થાન પસંદ કરવાની જે વાત કહી છે તેનો આંતર હેતુ આપણે અનુભવીએ છીએ અને મને લાગે છે કે આપણે જેમ જેમ આગળ વધશું તેમ તેમ યોગના ત્રીજા અંગ આસનને અંગે સ્થાનની વિશિષ્ટતા સ્પષ્ટ થતી જશે. આપના ખ્યાલમાં હશે કે યોગ સાધનમાં સિદ્ધક્ષેત્રો, પર્વત ઉપરના શાંત ભાગ, દરિયાનો કાંઠો, અરણ્યના જીર્ણ પ્રદેશ, મોટા ઉદ્યાનો, નદીઓના સંગમ સ્થાનો વિગેરે શાંત વાતાવરણ પસંદ કરવા પર ખાસ ભાર મૂકવામાં આવ્યો છે. શાંત વાતાવરણ આત્માને બહુ અસર કરે છે એમ લાગે છે.'

પંથી—' આપનું કહેવું યોગ્ય છે. શાંત સ્થાન અને અનુકૂળ હવા યોગ સાધનમાં બહુ અગત્યનો ભાગ ભજવે છે. હું તો તમારા પ્રભાતના ભૈરવ પરજ વિ-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચાર કર્યા કરું છું, તમે 'ચલના જરૂર જાકું તાકું કૈસા સોવના ' એમ બોલી મને મોટા વિચારમાં નાખી દીધો છે. એ પદ આપે જેમ જેમ વારંવાર ગાયું તેમ તેમ મને નવા નવા વિચારો આવતા ગયા અને હજુ પણ તેજ વાત મારા મનમાં ઘોળાયા કરે છે. '

મુમુક્ષુ—' આપ એટલા બધા શું વિચારમાં પડી ગયા ? મેં તો એક મહાત્મા યોગીના પદનું ગાન કર્યું હતું, આપના મનમાં જે વિચારો આવ્યા હોય તે જણાવો તો મને પણ આપના વિચારોનો લાભ મળે.'

પંથીએ મનમાં ઘોળાતા વિચારોનો સાર કહી સંભળાવ્યો, તેણે ' ચલન ' નો ખ્યાલ આપ્યો, આખું વિશ્વ ચાલ્યું જતું હોય એ વાત જણાવી, કેટલાકના ચલનો સાધ્યના ઠેકાણા વગરનાં અને કેટલાકના ચાલી દોડીને ગોળ વર્તુળમાં ફરનારા જણાવ્યા, થોડા પ્રાણીનાં ચલનો સાધ્યને લક્ષીને થતાં ગતાવ્યા અને કેટલાકનાં ચલનો સાધ્યને જાણવા છતાં પાછા પડી જતાં હોય, રસ્તાની આજુબાજુના આકર્ષક તત્ત્વોમાં લપસી જતાં હોય અને સાધ્યને વિસરી જતાં હોય તેવાં જણાવ્યાં, પોતાનું સાધ્ય તુરત માટે અને અંતિમ શું છે. તે જણાવ્યું અને પછી તે પર વિચારણા ચાલી.

મુમુક્ષુ—' બંધુ ! આવા એક પદ પર તમે તો ઘણો વિચાર કર્યો. સાર ગ્રહણ કરવો અધવા સાર શોધી કાઢવો એ કર્તવ્ય પ્રેરણા બતાવે છે. ત્યારે આપના કહેવા પ્રમાણે આપણે તો ચાલ્યાજ કરીએ છીએ એટલે આપણે તો આપણાં સાધ્યે પહોંચી જવાના એમ નકી થયું કે નહિ ? '

પંથી —' એમ ચોકસ ન કહી શકાય. સાધ્યને લક્ષ્યમાં રાખી તે તરફ સીધું પ્રયાણ થાય. માર્ગમાં આવતી લાલચોમાં ફસાવાય નહિ તો સાધ્યે જવાનો માર્ગ ટુંકો થતો જાય એમ મને લાગે છે. આપણું અત્યારનું સાધ્ય મધુવન અને પાર્શ્વનાથનું શિખર છે તે તો સ્થૂળ સાધ્ય છે, તેની તો નજીક નજીક આપણે જતા જઇએ છીએ, પણ આપણું અંતિમ સાધ્ય તો અભ્યંતર છે. તેની નજીક પહોંચવા માટે બાહ્યદૃષ્ટિ ઉપરાંત અંતર્દૃષ્ટિની જરૂર છે. '

મુમુક્ષુ—'ત્યારે ભાઇ ! બાહ્યદૃષ્ટિ અને અંતરદૃષ્ટિમાં તફાવત ખરો ? '

પંથી—' એ બે વચ્ચે ઘણો મોટો તફાવત છે. બાહ્યદૃષ્ટિએ સાંસારિક કાર્ય કરનાર જો અંતરાત્મામાં મગ્ન હોય, સાક્ષીભાવે ફરજ બજાવનો હોય તો બહુ ઓછો બંધ કરે; ત્યાગભાવનો બાહ્યાડંબર કરનાર કષાયપરિણતિનો ત્યાગ ન કરે તો તીવ્ર કર્મબંધ કરે. આથી બાહ્ય નજરે એક સરખી ક્રિયા કરનાર કર્મબંધનને અંગે મોટો ફેરફાર પ્રાપ્ત કરે એ આપણો દીર્ઘ વિચારને પરિણામે સ્થાપિત થયલ સિદ્ધ નિયમ છે.'

મુમુક્ષુ—' તમારી વાત બરાબર સમજાણી નહિ. આપણે અત્યારે ચલનો

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પર વિચાર કરીએ છીએ, ચલનમાં બાહ્ય નજરે સરખા ચલન હોય છતાં અંદરથી ભેદ કેમ હોઈ શકે? અને દૃષ્ટિવાન એકજ હોય પછી એમાં બાહ્ય અને આંતરને અંગે તફાવત હોવો કેમ સંભવે?'

પંથી—'આપ વિશિષ્ટ જ્ઞાતા હોઇ આવો સવાલ કેમ કરો છો? બાહ્યદૃષ્ટિ અને અંતરાત્માનું સામ્રાજ્ય એ તદ્દન જૂદીજ બાબત છે. આંતરરાજ્યમાં પાંચ ઇન્દ્રિયો, ક્રોધ, માન, માયા, લોભ, અનેક પ્રકારની લાગણીઓ, ઇચ્છાઓ, અભિલાષાઓ, તંતો, લોલુપતા, રસિકતા વિગેરે હૃદયના ભાવો પ્રાણીને તદ્દન સંસાર સન્મુખ ખેંચી જાય છે, એનું ચિત્ત એને તદ્દન જૂદેજ માર્ગે લઈ જાય છે, બાહ્ય નજરે ક્રિયા કરતો હોય તેનાથી તદ્દન જૂદાજ વિચારો મનમાં ગોઠવાતા હોય એ તો આપણને દરરોજનો અનુભવ છે. આથી બાહ્ય દૃષ્ટિ અને આંતર દૃષ્ટિ વચ્ચે તો ઘણો તફાવત છે. સુજ્ઞ પુરૂષો બાહ્ય ક્રિયા કે આચાર જોઇને રાજી થાય છે, એની અવગણના કરતા નથી, પણ એના ઉપર કોઇ પ્રકારનો મદાર બાંધતા નથી કે તોલ કરતા નથી. આંતર દૃષ્ટિના માર્ગો તદ્દન જૂદાજ છે.'

મુમુક્ષુ—'પણ ભાઈ! આંતર અને બાહ્ય એક બીજાથી ઉલટા જ હોય એવો કાંઇ નિર્ણય છે?'

પંથી—'નહિ જ. કોઇ વાર બાહ્ય અને આંતરની એકતા પણ હોય છે, પણ સર્વદા હોવી જ જોઇએ એવો નિયમ નથી. બાહ્ય નજરથી ફસાઈ જવા જેવું નથી એટલુંજ મારૂં કહેવું છે.'

મુમુક્ષુ—'ત્યારે ચલનોમાં પણ એજ વાત આવશે. બાહ્ય નજરે ચલન થતું દેખાય તે ખરેખર હાર્દિક છે એમ કહેવાય નહિ. એ સાધ્યને અનુલક્ષીને હોય પણ ખરૂં અને ન પણ હોય. ત્યારે જો એમ હોય તોપછી અન્યની પરીક્ષા આપણે કેવી રીતે કરી શકીએ?'

પંથી—'તમારૂં કહેવું સાચું છે. ચલનો હાર્દિક હોય તેજ વિચારવા યોગ્ય કહેવાય. ઉપર ઉપરના સ્થૂળ અથવા સાધ્ય વગરનાં અથવા પૌદ્ગલિક પિપાસાથી કે સાંસારિક અપેક્ષાથી અથવા માનની ઇચ્છાથી કે માયાના ફાંસાથી થયેલા ચલનો નકામા છે, એટલુંજ નહિ પણ એ ધાર્મિક બાબતોને અંગે હોય તો કેટલીક વાર ઉંડી સમજ વગરના પ્રાણીને વિના કારણ ધર્મીષ્ટ મનાવવાનો દાવો કરાવનારા છે, સંસાર વધારનારા છે અને પરિણામે અત્યંત નુકશાન કરનારા છે. અન્યની પરીક્ષામાં મુશ્કેલી કહી તે ખરી છે, પણ તે સંબંધી એક વાત વિચારવાની છે. અન્યની પરીક્ષા કરવાની આપણને જરૂર શું? આપણો અધિકાર કયો? આપણે આપણી પોતાની પરીક્ષા કરીએ તો બસ છે અને તેને માટે જૂદાં

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૂદાં સાધનો છે, એ આંતરદશામાપક યંત્ર ( Inner Berometer ) નો ઉપયોગ કરી આપણું સંભાળીએ તો ઘણું છે. વિશિષ્ટ અધિકારીઓ અન્યને સંભાળી લેશે.'

મુમુક્ષુ—' પણ ભાઇ ! વ્યવહારમાં એમ તો કેમ ચાલે ? આપણે ધાર્મિક તેમજ સાંસારિક બાબતમાં અન્યના સંસર્ગમાં તો આવવું પડેજ, આપણે કાંઇ હજુ સર્વસંગ ત્યાગ કર્યો નથી, તોપછી આપણે અન્યની પરીક્ષા કરવાના પ્રસંગો અને સાધનો લક્ષ્યમાં રાખવાં જોઇએ. '

પંથી—' તમે કહો છો તેવા જરૂરી સંવ્યવહાર માટે પરીક્ષા કરવાનાં ઘણાં સાધનો છે. અંતરદશા કેવી છે ને પ્રસંગે જણાઇ આવે છે. ખાસ કરીને રાગદ્વેષની પરિણતિ કેવી છે તે જોવાથી, જરા વધારે પરિચયથી સામાની પરીક્ષા થાય છે, પરંતુ એ પરીક્ષા છેવટની તો નજ થઇ, કારણ કેટલાક પ્રાણીઓ માયાના જોરથી છેતરપીંડીને ( પરવંચનાને ) પણ પરાકાષ્ઠા સુધી લઇ જઇ શકે છે. જરૂર પૂરતી પરીક્ષા કરવા માટે આંતર દશા સામાની તપાસવી, સંસાર રસિકતા જોવી, સ્વાર્થ અને ત્યાગ વચ્ચે વિસંવાદ આવે ત્યારે તે કયો માર્ગ આદરે છે તે તપાસવો અને બાકી તો પોતાનોજ બહુ વિચાર કરવો. કેમકે પોતાને માટે ઘણું વિચારવાનું છે, બહુ તપાસવાનું છે, ઘણો ખ્યાલ કરવાનો છે, અન્યની ચિંતા કરવાનો ટાઇમ પણ નથી, ફુરસદ પણ નથી અને ખાસ કારણ વગર જરૂર પણ નથી. જીવનકાળ બહુ ટુંકો છે અને કર્તવ્યો બહુ છે. આત્મોન્નતિ માટે બહુ કરવા જેવું છે. તેમાં પારકી પંચાત તે ક્યાં કરી શકાય ? તમારૂં પ્રભાતનું પ્રેરક વાક્ય યાદ કરો. '

મુમુક્ષુ—' ત્યારે તમને એમ લાગે છે કે આપણે આપણો પોતાનોજ વિચાર કરવો, અન્યની દરકાર કરવી નહિ, તેઓના સુખ દુઃખ પર ખ્યાલ કરવો નહિ. તેઓને આપણી સાથે ચલન કરાવવાનો પ્રયત્ન કરવો. નહિ ?

પંથી—' આપ મારા શબ્દો બરાબર સમજ્યા નથી અથવા જાણીને ખોટી રીતે ખેંચી જાઓ છો. મારા કહેવાનો ભાવાર્થ એ છે કે આપણે આપણી ઉત્ક્રાન્તિ માટે ઘણું કરવાનું છે; તેથી અન્યની પરીક્ષા માટે બહુ સમય વ્યતીત કરવાની કે તદ્વિષયે ચિંતા કરવાની જરૂર કે અવકાશ નથી; બાકી અન્યને ચલન કરાવવા, તેઓ પર ઉપકાર કરવો, તેઓને વાસ્તવિક સુખી કરવા પ્રયત્નો કરવા, એ તો આપણી ઉત્ક્રાન્તિનાં પ્રબળ સાધનો છે, આત્મા અમુક હદે ન પહોંચે ત્યાં સુધી જરૂરનાં છે, એટલુંજ નહિ પણ અનિવાર્ય છે. સજ્જન પુરૂષોની વિભૂતિઓ પરોપકાર માટેજ હોય છે.'

મુમુક્ષુ—ત્યારે તો આપણા અભિપ્રાયો તદ્દન મળતા આવે છે. મારૂં પણ કહેવું એજ છે કે આ ટુંકા જીવનમાં બને તેટલો પરોપકાર કરવો અને લક્ષ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



આત્મા તરફ—આંતર દશા તરફ રાખવું. હવે મારે તમોને એક બીજીજ વાત પૂછવાની છે. તમે 'ચલન' અને 'સોવન' ને અંગે જે લંબાણ વિચારો જણાવ્યા, તેની અંતિમ હદ કયાં આવે છે ? કયાં સુધી ચાલ્યા કરવું અને પછી શું ?'

પંથી—' આપની વિચારણા ઘણી સુંદર છે, ચલનનો ઉલટો ભાવ સોવન (સુવાનું) નથી પણ સ્થિરતા છે. ચલનને અંતે સ્થિરતા આવે ત્યાં ચલનની અન્તિમ હદ આવે છે, અને ચલનને અંતે 'સોવન' આવે ત્યાં માત્ર ટુંક સમય માટે ચલનનો અટકાવ છે અને તે પસંદ કરવા લાયક નથી. સ્થિરતા અંતિમ સાધ્ય છે, જયારે 'સોવન' એ માત્ર બ્રેક છે. રેલવેના એંજીનને દરેક વખતે અટકાવે ત્યારે શું થાય છે અને સ્ટીમ (વરાળ) કાઢી નાખે ત્યારે તેના ચક્રોની શી સ્થિતિ થાય છે તે વિચારશો તો ચલન–સ્થિરતા અને સોવન વચ્ચેનો તફાવત ખ્યાલમાં આવી જશે.'

મુમુક્ષુ—' આપની એ વાત તો સમજાણી, પણ એ રીતે કયાં સુધી ચાલ્યા કરવું અને પછી શું ? એ મારા પ્રશ્નનો જવાબ મળ્યો નહિ.'

પંથી—' આપના એ સવાલનો જવાબ પણ આવીજ ગયો. અંતિમ સાધ્ય શાશ્વત સ્થિરતા છે, એ પ્રાપ્તવ્ય છે. એ પ્રાપ્ત થાય ત્યારે આત્માની સાથે લાગેલી સ્ટીમ તદ્દન નીકળી ગયેલી હોય છે. આત્મા સ્વતઃ શુદ્ધ સ્ફટિક દશામાં આવી જાય છે અને પછી એ દશામાં કાયમ રહે છે. રેલ્વેના એંજીનમાં અને આત્મામાં પછી સામ્ય રહેતું નથી. એંજીનમાં વળી ફરીવાર સ્ટીમ તૈયાર કરાય છે, પણ આત્માને સ્થિરતા મળ્યા પછી સ્ટીમ ચઢતી નથી, એ એની સાધ્યદશામાં સ્થિર રહે છે, પરમ શાંતિનો અનુભવ કરે છે અને સર્વ પ્રકારનાં સુખ, દુઃખ, પ્રપંચ અને રખડપાટાને દૂર કરે છે. આ કાયમની સ્થિતિ છે. એને માટે ચલનો બહુ જરૂરી છે. માત્ર તે યોગ્ય પ્રકારના અને સાધ્ય તરફ લઇ જનારા હોવા જોઇએ.'

મુમુક્ષુ—' એક બીજી વાત કરૂં. ચલનો તદ્દન અટકી જાય અને પછી તો એમ રહેવાનું, એટલે એમાં મજા શી આવતી હશે ? મને તો ચલનોમાં પણ એક જાતનો આનંદ આવે છે.'

પંથી—' એજ સંસાર રસિકતા છે. સ્થિરતામાં જે આનંદ છે, શાંતિ છે, સુખ છે, અવિનાશીતા છે, તેનો ખ્યાલ સંસારી જીવને આવવો અશકય છે, અને આખો વખત ચાલ્યા કરવામાં પણ શું આનંદ છે ? તમે ચલનોમાં મજા કહો છો તે તો તદ્દન સ્થૂળ છે અને ઘણીખરી મજા તો પૌદ્ગલિક છે. ખાવાપીવામાં, ઘરબાર વસાવવામાં, ઇન્દ્રિયના ભોગો ભોગવવામાં કે માનપ્રતિષ્ઠા મેળવવામાં તો જરા પણ દમ જેવું નથી, એને માટે ચલન થાય તેને તો આપણી વાસ્તવિક ચલનની વ્યાખ્યામાં સ્થાન પણ નથી, એવા ચલનો તો આત્માને પાછા

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પાડનાર છે, અધઃપાત કરાવનાર છે, સંસાર તરફ લઇ જનાર છે. એ ચલનોને પરિણામે તો જરા વખત ઉપર ઉપરના ભોગો મળે ત્યારે મન સુખ માને, બાકી એનો વિયોગ થાય એટલે મહા આંતર કષ્ટ થાય, મોટો કચવાટ થાય અને મન ગભ્રાસ્થામાં પડી જાય. એવાં ચલનોનો તો વિચાર કરવો પણ ઉચિત નથી. વિશુદ્ધ ચલનોનો વિચાર કરીએ તો એમ ને એમ કયાં સુધી ચાલ્યા કરવું ? ચાલ્યા કરવાનું જ હોય અને સાધ્ય ન હોય તો કોઇને તે પસંદ આવેજ નહિ, સુઇ રહેવાની વાત તો ચલનની સરખામણીમાં જ ગમે તેવી છે. કામ કર્યાની આખરે સુવું પસંદ આવે, બાકી માંદાને તેનો અનુભવ પૂછીએ તો સુઇ રહેવામાં પણ કંટાળો જ છે. આથી આત્મસ્વરૂપમાં સ્થિરતા થાય તે સાધ્યે યોગ્ય ચલનો થાય તેમાંજ મજા છે અને એ સ્થિતિ પ્રાપ્ત થાય ત્યારેજ તેનો ખરો અનુભવ થાય તેમ છે.'

મુમુક્ષુ--'ચલનો બે પ્રકારનાં છે તે વાત તો સમજાય છે. પણ સંસારનાં ચલનો તરફ આત્મા કેમ પ્રેમ બતાવતો હશે ? સમજીને નુકશાન થાય તેવા માર્ગ ગ્રહણ કરનારને ડહાપણવાળો તો નજ કહી શકાય !'

પંથી--'એ તો સ્પષ્ટ વાત છે. કષાય અને રાગદ્વેષના અસર તળે અને મોહનીયકર્મના પ્રબળ જોરથી આત્માની શુદ્ધ દશા તદ્દન અવરાઇ ગયેલી છે અને તેને પરિણામે એવાં ચલનો સાધ્ય તરફ હોવાને બદલે સંસાર તરફ થાય છે અને દુઃખના સંયોગોમાં ફેરવાઇ જાય છે. સંસારનાં ચલનો જે નીચા લઇ જનારા ન હોય તો પ્રત્યેક દોડાદોડ કરનાર આખરે સ્થિર થઇ જાય અને તેથી વધારે દોડાદોડ કરનાર જલદી સાધ્યે પહોંચી જાય. આથી મને તો એમ લાગે છે કે સાધ્યને અનુલક્ષીને જે દોડાદોડ કરે છે તે સાધ્યને નજીક કરે છે. જે ભોગ, માન કે મોહની ઇચ્છાથી કે અસરથી ચલનો કરે છે તે સંસાર તરફ જાય છે, સાધ્યથી દૂર જાય છે, આવી દોડાદોડી કયાંસુધી પાલવે ? બહુ વિચારવા જેવું છે, ઘણું સમજવા જેવું છે. આપણા શરીર સામે જોઇને, શરીરની અંદર જોઇને, હૃદય-મગજની પરીક્ષા કરીને શુદ્ધ રસ પીવા લાયક છે.'

મુમુક્ષુ--'ત્યારે સર્વ પ્રાણીઓ ડહાપણથી દોરાય છે એમ તો નજ કહી શકાય ?'

પંથી--'નહિજ ! ઘણા પ્રાણીઓ રાગ દ્વેષ મોહની અસર તળે તદ્દન મૂર્ખાઇ ભરેલાં કાર્યો કરે છે, આત્માને પાછાં હઠાડનાર માર્ગો આદરે છે અને બાળ જીવોને યોગ્ય વર્ત્તન કરે છે. એમાં શુદ્ધ સાધ્યને માર્ગે માત્ર સાધ્યપ્રાપ્તિના એકજ અંતિમ સાધ્યથી માન કે મોહની ગણના કર્યા વગર કાર્ય અંકિત કરનારા તો વિરલાજ નીકળે છે અને આ માર્ગ વીરલાઓ માટેજ છે, શૂરવીરો માટેજ છે,

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



નરકમાં ખદબદ કરતા, ઝેરમાં લહેર માનનારા, વિષ્ટામાં લપટાઇ રહેલા માટે આ માર્ગ નથી, વીરનો માર્ગ વીરા માટે જ છે.'

મુમુક્ષુ—'તમે વાત કરતાં પાછા અલંકારિક શબ્દોમાં ઉતરી જાઓ છો, ઝનુનમાં આવી જાઓ છો. આપણે શાંત રીતે ચર્ચા કરવાની છે, માટે તમારી પાસે ઘણા વિચાર ચર્ચા દ્વારા જાણવા છે, સ્પષ્ટ કરવા છે. આપ આપણી વ્યવહારૂ ભાષામાંજ વાત ચલાવવા કૃપા કરશો. આ ચલનના વિષયમાં મને બહુ મઝા આવી છે. આપણે આવતી કાલે ગિરિરાજની યાત્રા કરીશું ત્યારે ડારવીનનો ઉત્ક્રાન્તિવાદ ( Theory of Evolution ) અને તમે કહેલા ચલન-સ્થિરતા અને સોવનમાં શું તફાવત છે અને સંસારરસિકતા અને સાધ્ય લક્ષ્યમાં કેટલો અંતર રહેલો છે તે પર વિચાર કરશું. આપ જરા સર્વથી છુટા પડી મારી સાથે ચાલશો ?'

**પંથી**—'મેં અલંકારિક ભાષામાં વાત ન કરવા નિર્ણય જ રાખ્યો છે. છેલ્લા બે ચાર વાક્યો કહ્યા તે સ્પષ્ટાર્થવાળા છે, છતાં તમે ચેતવણી આપી તે બહુ ઠીક કર્યું. આવા તત્ત્વચિંતવનના વિચારો અલંકારમાં ઉતારી દેતાં ઘણી વાર નકામી અવ્યવસ્થા અથવા અસ્તવ્યસ્તતામાં ઉતારી દે છે અથવા ખોટા વાદવિવાદ ઉત્પન્ન કરાવે છે. દૃષ્ટાન્તની તો જરૂર પડશે જ. દાખલા તરીકે મારે આજે એન્જીન-સ્ટીમ-બ્રેક વિગેરેની વાત કરવી પડી હતી, પણ ભાષા સાદી રાખવા પ્રયત્ન કરવાની જરૂર છે અને ચીવટ રાખવાથી તેમ થઇ પણ શકે છે. આપે ડારવીનના સિદ્ધાન્તને આગળ કરી જે વાત શરૂ કરી તે બહુ સુંદર છે. આપણે અનુકૂળતા પ્રમાણે કાલે તે વિષય પર વાત કરશું અને આ આત્મચલનના વિષય પર તમારી સાથે વાત કરતાં મને પણ ઘણું જાણવાનું મળશે. આપણી સાથે જે ચર્ચામાં રસ લઇ શકે તેને જ સાથે લેશું અથવા આપણે જૂદા જ ચાલશું. આ ભૂમિની શાંતિ આપણને ઘણો આનંદ આપે છે, મગજને પ્રફુલ્લિત બનાવે છે અને કેટલીક અંતરની ઘુંચોના નિકાલ કરાવી નાખે છે.

આમ વાત ચાલે છે તેટલામાં પછવાડેના યાત્રાળુઓ આવી પહોંચ્યા, એક નાના ગામડાનું પાદર દેખાવા લાગ્યું, શ્રી પાર્શ્વનાથની જયઘોષણા ચારે તરફ થઇ રહી અને ગાડીઓના શબ્દની અંદર તેમજ ચાલનારથી ઉડતી ધૂળની અંદર અમારી વાર્તા શમી ગઇ. અમારે આ સ્થાન પર ખાવાનું હતું, તેથી તેને યોગ્ય તૈયારીઓ ચાલી અને ઉન્નત ભાવના ભાવિત જીવો દેહચિંતામાં પડી ગયા.

મૌક્તિક.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# આધુનિક જૈનોનું કળાવિહીન ધાર્મિક જીવન

( ૨ )

ગયા લેખમાં કળા અને ધર્મના સંબંધનું સ્વરૂપ સમજાવ્યું અને ત્યારબાદ અંગ્રેજોનું આર્યાવર્ત ઉપર સામ્રાજ્ય થતાં કળા અને ધર્મ ઉપર જે માઠી અસર થવા પામી છે તેનું ટુંકમાં વિવેચન કર્યું. આ માઠી અસરથી જૈનો પણ છુટવા નથી પામ્યા તેનું પણ સહેજ સૂચન કીધું. જ્યારે આખા દેશના જીવનપ્રવાહમાં અમુક વિષમય તત્ત્વો પ્રસરવા માંડે ત્યારે તેજ દેશમાં વસતા જૈનો તે વિષમય પરિણામોથી મુકત રહે તેવી આશા રાખવી તે તો વ્યર્થજ ગણાય, પણ જૈનો સામાન્ય રીતે બીજી પ્રજા કરતાં વધારે અનુકરણશીલ પ્રકૃતિના જણાય છે અને આ-ધુનિક જૈનોની કળાવિષયક ઉપેક્ષા પણ સૌથી ચઢિયાતી છે, તેથી જૈનોનું ધાર્મિક જીવન કળાથી બહુ બહુ દૂર જતું અનુભવાય છે. જ્યાં જ્યાં કળાને ધાર્મિક પ્રવૃત્તિ-ઓમાં અવકાશ આપવામાં આવે છે ત્યાં ત્યાં સૌન્દર્ય પ્રગટવાને બદલે કદરૂપાં દૃષ્યો દેખાવ દે છે અને તેથી જૈનો અન્યના ઉપહાસને પાત્ર બને છે. આ વિષયનો અહિં યથાશકિત વિસ્તાર કરવાની ધારણા છે.

વર્તમાન જૈનોના ધાર્મિક જીવન ઉપર કળાશૂન્યતાનો આરોપ મૂકતાં સહેજે પૂર્વકાળના જૈનો તરફ દૃષ્ટિ દોડે છે અને મનમાં પ્રશ્ન થાય છે કે પૂર્વ કાળના જૈનોને પણ આ આક્ષેપ લાગુ પડે ખરો કે ? પૂર્વકાળના જૈનોનો કળા પ્રત્યે કેટલો આદરભાવ હતો તેનું ચોક્કસ માપ કાઢી ન શકાય પણ જે જૈનોએ શત્રુંજય, ગિર-નાર, આબુ અને સમેતશિખર જેવાં દિવ્ય સ્થાનોને પોતાનાં તીર્થો બનાવ્યાં છે, જે જૈનોએ અનેક પદ્યો, રાસો, કાવ્યો અને સઝાયોથી સંસ્કૃત, પ્રાકૃત તથા ગુજરાતી સાહિત્યને સમૃદ્ધિવાન કર્યું છે, જે જૈનોએ સ્થળે સ્થળે સુંદર કારીગીરી તથા કોતરણીવાળાં ભવ્ય મંદિરો બાંધીને હિંદના શિલ્પને શોભાવ્યું છે, તે જૈનોની કળાપ્રિયતા તો વિનાસંશય સિદ્ધ છે, દેલવાડાના મંદિરોની કોતરણી આજ આખા જગતને મોહાવી રહી છે; શત્રુંજયની મંદિરમાળા જગતના તીર્થસ્થાનોમાં અદ્વિતીય છે; પાવાપુરીના મંદિરમાં જે શાંતિમય સૌન્દર્ય ભર્યું છે તે હાલ બીજે કયાં અનુભવાય છે, સમ્મેતશિખર જેવાં રમણિય સ્થળો હિંદુસ્થાનમાં બહુજ અલ્પ છે. કવિતાના પ્રદેશમાં જૈનોનો પ્રયાસ અસાધારણ છે. શૃંગારના ઉન્માદને દૂર કરી શાન્તરસમય બોધક સાહિત્ય ઉપજાવવાનું માન જૈનોનેજ ઘટે છે, આનંદઘન અને ચિદાનંદના સાત્વિક પદો સાથે હિંદુસ્થાનમાં બીજાં કેટલાં પદો ઉભા રહી

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શકે તેમ છે ? જુની કથાઓમાંથી પણ જૈનોની કળાપ્રિયતાનાં મનોહર દ્રષ્ટાંતો મળી શકે તેમ છે. રાવણ મંદોદરીનું અષ્ટાપદ પર્વત ઉપર નૃત્ય કોને અજાણ્યું છે? જૈન નાટકો વિષે પણ જૈન કથા સાહિત્યમાંથી અનેક વાતો ઉપલબ્ધ થાય છે. આ રીતે જૈન ધર્મનો પ્રાચીન ઇતિહાસ કળા અને ધર્મનો સુયોજક હતો એ સુગોચર બને છે. આજ ધર્મનો વર્તમાન ઇતિહાસ તેથી વિપરીત સ્થિતિને ધારણ કરી રહેલ છે તેનો કદિ કોઇને વિચાર આવ્યો છે ?

વર્તમાન ધાર્મિક જીવન ઉપર નજર કરતાં આપણી ધાર્મિક પ્રવૃત્તિઓમાં અક્ષમ્ય કળાશૂન્યતા નજરે પડે છે. દ્રવ્યોપાર્જન જીવનનું મુખ્ય લક્ષ્ય બનતાં રસપોષકતા ઘટી ગઇ અને સ્થૂળ લાભાલાભના વિવેકમાં અને જેમ આવે તેમ સોનું રૂપું વેરવામાં કળા અને ધર્મની સેવાનો સમાવેશ થઇ ગયો. પ્રથમ તો ચિત્રકળાને લક્ષીને વિચાર કરીએ.

અત્યારે હિંદમાં ચિત્રકળાનો પુનરૂદ્ધાર થવા માંડ્યો છે; છતાં જૈનોનું તે તરફ અસાધારણ દુર્લક્ષ્ય છે એટલું જ નહિ પણ કેટલાક જૈનવિચારકો ધર્મને લગતાં ચિત્રો પ્રગટ કરવાની તદ્દન વિરૂદ્ધ અભિપ્રાય ધરાવે છે તે આશ્ચર્ય પમાડે તેવું છે. જે લોકો જાતમહેનતથી ધર્મસાહિત્ય વાંચવા ન માંગતા હોય તેમને આંગણે ધર્મસંસ્થાપન કરવાનું સારામાં સારૂં સાધન ધાર્મિક ચિત્રો છે, એટલું જ નહિ પણ ધાર્મિક કલ્પનાઓના ચિત્રો થયા બાદજ લોકહૃદયમાં ઉંડાં મૂળ નાખી શકે છે. અત્યારે રામ, કૃષ્ણ અને બુદ્ધનાં કેટલાંય મનોહર આલેખનો પ્રગટ થઇ રહ્યાં છે, તો ભગવાન્ મહાવીર અને અન્ય તીર્થંકરોના ચરિત્રો પ્રવીણ ચિત્રકારોને હાથે શા માટે ન આલેખાય ? રાફેલ કૃત મેરી અને ક્રાઇસ્ટનાં ચિત્રો કેટલાં ભાવાત્મક અને ભક્તિ ઉત્પાદક હોય છે? માનસિક જીવનના વિકાસમાં ચિત્રો અનુપમેય ભાગ ભજવે છે. ચિત્રોથી અજ્ઞ સ્ત્રી પુરૂષોને મહાપુરૂષના ચરિત્રો સુગમ્ય બને છે. ધ્યાનને માટે ઇષ્ટદેવની પ્રતિકૃતિ અતિ ઉપયોગી સાધન બની શકે છે. આપણને ક્રાઇસ્ટ, બુદ્ધ, કે મહમદ ઉપર ખાસ ભક્તિભાવ ન હોય તો પણ તે તે મહાપુરૂષોના એવાં સુન્દર અને અલૌકિક આલેખનો જોવામાં આવે છે કે આપણને તે તરફ સહેજે આકર્ષણ થયા વિના ન રહે, અને તે મહાપુરૂષો માટે અન્તરમાં ભક્તિભાવ ઉપજ્યા વિના ન રહે. જૈનેતર લોકગણમાં જૈનધર્મનો પ્રચાર કરવા માટે તથા તથા જૈન ભાવનાઓ વિસ્તારવા માટે ચિત્રો જેવી બીજી એક ઉત્તમ પરિભાષા નથી. રાફેલ તેમજ અન્ય લોકવિખ્યાત ચિત્રકારોની લેખિનીમાંથી ઉપજેલ મેરી અને ક્રાઇસ્ટના આલેખનોમાં કેટલી પવિત્રતા અને વિશદતા ભરેલી હોય છે ? અવનીન્દ્રનાથ ટાગોરનું ભારતમાતાનું કે ભિક્ષુ બુદ્ધનું ચિત્ર કેટલું ભાવપૂર્ણ અને મનોહર છે ? ભગવાન મહાવીરની મહત્તા કાંઇ ઓછી નહોતી. શામાટે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



ચિત્રવિચિત્ર કલ્પનાવાળી લેની છબીઓ ન ચીતરાય? મહાવીર તેમજ અન્ય મહાપુરૂષોનાં જીવનમાં એવાં અદ્ભુત પ્રસંગો છે કે જો તેનાં સુન્દર આલેખનો પ્રગટે તો કળાસાહિત્યમાં જબરી પૂરવણી થાય અને આખું વિશ્વ પણ જૈન ધર્મના રહસ્યને બહુ સહેલાઈથી પામી શકે. મહાવીર અને ગોશાળાનો પ્રસંગ, ચન્દનબાળાનો સમાગમ, ચંડકોશીયાનો ઉપદ્રવ, ગૌતમનો પ્રથમ મેળાપ, શ્રેણિકનો પરિચય, કેવળજ્ઞાન પ્રાપ્તિ, ભગવાનનું નિર્વાણ, ગૌતમસ્વામીનો નિર્વેદ—આવાં અનેક પ્રસંગો ચિતરાય તો તે જગત્‌ને કેટલાં બોધક બની શકે? ભગવાન્ ઋષભદેવના ચરિત્રમાં પણ ક્યાં ઓછા પ્રસંગો છે? વર્તમાન સૃષ્ટિવ્યવહારનું પ્રવર્તન, ભરત અને બાહુબળનું યુદ્ધ, ભગવાન્ ઋષભદેવના હાથે બ્રાહ્મી અને સુન્દરીને વિદ્યાપ્રદાન, ભરતચક્રવર્તીને અરીસાભુવનમાં કેવળજ્ઞાન, બાહુબળનું અહંકારમોચન, મરૂદેવી માતાનો ભગવાનને છેલ્લો સમાગમ—આ બધાં પ્રસંગોને પુસ્તક પાનામાં રાખી મૂકવા કરતાં ચિત્રો દ્વારા જગત્‌ની નજર સન્મુખ લાવવા જોઈએ. જૈન કથા સાહિત્યમાં પણ ચિત્રોને માટે પુષ્કળ સાહિત્ય ભરેલું છે. સ્થૂલિભદ્ર અને વેશ્યાનો પ્રસંગ, શાળિભદ્ર અને ધન્નાનું ચરિત્ર, શ્રીપાળની રામાયણ જેવી મોટી જીવન કથા, ચંદરાજાની રસપૂર્ણ વાર્તા; જૈન ઇતિહાસમાં પણ હેમચન્દ્રાચાર્ય અને કુમારપાળ, હીરવિજયસૂરિ અને અકબર બાદશાહ, શિલગુણસૂરિ અને વનરાજ ચાવડો, અને તદુપરાન્ત વલ્લભીપુર અને મથુરામાં મળેલી આગમ ઉદ્ધાર અર્થે આચાર્યોની સભા, આનંદઘનજી અને યશોવિજયજી ઉપાધ્યાયનો સમાગમ—આવા અનેક ચિરસ્મરણીય બનાવો હજુ સુધી કોઈ ચિત્રકારની લેખિનીને વર્યા નથી તે ખરેખર આશ્ચર્ય પમાડે તેવું ગણાય.

ધાર્મિક ચિત્રો પ્રગટ કરાવવામાં કેટલાક આશાતનાનો ભય રાખે છે. એક પક્ષે આ ભય કેટલેક અંશે ખોટો છે અને અન્ય પક્ષે આશાતનાના આપણા ખ્યાલમાં કેટલોક ફેરફાર કરવાની જરૂર છે. આશાતનાનો બહુ સંકુચિત ખ્યાલ આપણે લઈએ તો અત્યારે જે મોટા પ્રમાણમાં જૈન સાહિત્ય પ્રગટ થાય છે તે પણ થઈ નજ શકે. શું જૈન પુસ્તકનાં પાનાંઓ પગતળે કચરાતાં નહિ હોય? શું જૈન માસિકોના કાગળો પસ્તીમાં વપરાતા નહિ હોય? આમ છતાં પણ પુસ્તક-પ્રકાશન આદરણીય છે, કારણ કે અત્યારના કાળમાં તે વિના ધર્મસંરક્ષણ અસંભવિત છે. જે અત્યારે જગત્ આગળ પોતાની વાત જુદા જુદા આકારમાં વારંવાર ધરશે તેનીજ વાત સંભળાશે. આશાતનાની ઝીણવટમાં ઉતરતાં લાભાલાભની તુલના કરવી જોઈએ. જ્યાં ધર્મ સંબંધી લાભ વધારે હોય ત્યાં આશાતનાનો ખ્યાલ ગૌણપદને પામે છે. કેટલાકને કૃષ્ણ ગોપીનાં હાસ્યજનક અને બિભત્સ ચિત્રો જોઈને ભય રહે કે આપણા મહાપુરૂષોની પણ ચિત્રકારોને હાથે આવી દશા કેમ ન થાય!

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

આ ભય સ્વાભાવિક છે છતાં ખોટો છે. જે પુરૂષના જીવનમાં જેવી વાતો ગુંથાયલી હોય તેવીજ વાતો તેને લગતાં ચિત્રોમાં પ્રગટ થાય. મહાવીર અને અન્ય જૈન મહાપુરૂષોના જીવન ચરિત્રો સંસારીઓને બોધક માર્ગે લઇ જનારાં અને ધર્મપંથ પર ચઢાવનારાંજ છે એ નિઃસંશય છે અને તેથી જ ઉપર્યુકત ભય અસ્થાને છે. ઉલટું જો જૈન કથાઓ ચિત્રોથી રંગાય અને જૈન તીર્થંકરોની છબીઓ પ્રવીણ ચિત્રકારોના હાથે ચિતરાય તો ચિત્રકળાનો ઉદ્ધાર થાય અને ચિત્રકારોના સ્વચ્છન્દી વિહાર ઉપર આડકતરી રીતે અંકુશ મૂકાય. જે જૈનો મૂર્તિપૂજા ઉપર આટલો બધો ભાર દે છે તેમને ચિત્રકળાનો આશ્રય તો લેવોજ જોઇએ. ચિત્રકળાના અવલંબન સિવાય મૂર્તિપૂજાનો આશય અપૂર્ણ રહે છે. ઘણે ઠેકાણે મૂર્તિ કે મંદિરની સગવડ ન હોય ત્યાં મહાવીરની સુન્દર પ્રતિકૃતિથી ધ્યાનાદિને માટે કેટલી અનુકૂળતા થાય ? મૂર્તિ કરતાં છબીમાં વધારે સગવડ એ છે કે મૂર્તિ તો મંદિરમાં જ વિરાજે છે, જ્યારે છબી ઘરે ઘરે પ્રાપ્ત થઇ શકે છે. વળી જે વિવિધતા મૂર્તિમાં લાવવી અશક્ય યા મુશ્કેલ છે તે સહેલાઇથી છબીમાં ઉતારી શકાય છે. આવાં કારણોથી તીર્થંકરોની સુન્દર છબીઓનો પ્રચાર થવાની ખાસ આવશ્યકતા છે. મહાવીરની એક છબી કેટલાય કાળ પહેલાં ચિતરાયલી જૈન દુનિયામાં પ્રચલિત છે એ અજાણ નથી, પણ તે છબીમાં સપ્રમાણ રેખાઓ સિવાય વિશેષ શું છે ? આભૂષણોથી ભરેલી મનુષ્ય આકૃતિની સામાન્ય રૂપરેખા મહાન્ તપસ્વી અને યોગી ભગવાન મહાવીરનું ભાન શી રીતે કરાવી શકે ? માત્ર પદ્માસન કે ઇન્દ્રઇન્દ્રાણી સાથેનાં ચિત્રામણ મહાવીરની પ્રતીતિ કરાવી નજ શકે. મહાવીરની છબીમાં તો વૈરાગ્ય જોઇએ, તપ જોઇએ, અપ્રતીમ શાન્તિ અને સમતા જોઇએ, સર્વવ્યાપી જ્ઞાનની ઓજસ્વીતા જોઇએ; તેમની મુદ્રામાંથી સર્વ ભૂતપ્રત્યે દયા ઝરવી જોઇએ; અનન્ત સાથે એકતાનની મસ્તી હોવી જોઇએ. આવી છબી કયાં છે ? છબી તો એવી જોઇએ કે જેનું દર્શન થતાં દ્રષ્ટાના અંતરમાં ભક્તિ ઉછળવે અને શરણ યાચના સ્ફુરી નીકળે. ધનિક જૈનો સંસ્કારી ચિત્રકારો પાસે આવી છબીઓ ચિતરાવે તો કેટલો ઉપકાર થાય ?

જૈનોના ચિત્રકળા સંબંધીના દુર્લક્ષ્ય વિષે ફરિયાદ કરતાં મારો કહેવાનો એવો આશય નથી કે જૈનો ચિત્રામણ પાછળ બીલકુલ પૈસા ખરચતાજ નથી. આમ કહેવું તે તો અસત્ય ગણાય, કારણ કે જૈનમંદિરોમાં અન્ય મંદિરોની માફક ચિત્રામણની કાંઇ ઉણપ નથી. જૈનોનાં ઘણાં મંદિરોમાં ચૌદ રાજલોકનું કાલ્પનિક આલેખન, છ લેશ્યાનું રૂપક, બાહુબળનું અભિમાન આરોહણ, પ્રભુનું સમવસરણ, પાર્શ્વનાથને કમઠનો ઉપદ્રવ, મધુબિન્દુ લોલુપ મોહમુગ્ધ પ્રાણીનું ચરિત્ર, નેમનાથનો વિવાહ, ચૌદ સ્વપ્નો અને આવાં અનેક આકર્ષક પ્રસંગો ચિતરાયલા જોવામાં આવે

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



છે. પણ એ બધા ચિત્રો એટલાં સાધારણ, કદરૂપાં અને ઇતિહાસની અજ્ઞતા સૂચવતાં દેખાય છે કે તે કરતાં મંદિરની ભીંતો તદ્દન કોરી રાખવામાં આવી હત તો વધારે સારી દેખાત એમ ઘણીવાર થઇ આવે છે. જો આંખોને મોહાવે એવા રંગોની મેળવણી કરવામાંજ ચિત્રકળાનો સમાવેશ થતો હોય તો પછી કાંઇ ફરિયાદ કરવા જેવું રહેજ નહિ; પણ ચિત્રમાં મોહક રંગની મેળવણી કરતાં બીજા ઘણાં તત્ત્વોની સંભાળ લેવી જોઇએ. જે ભાવ અમુક દૃશ્યદ્વારા પ્રેક્ષકના મનમાં ઉઠાવવા માંગતા હોઇએ તે ભાવ ચિત્ર જોતાં વેંતજ જો ન ઉઠે તો તે ચિત્ર પાછળ થયેલો દ્રવ્યવ્યય વ્યર્થ ગણાય. સર્વ આકૃતિઓ સપ્રમાણ અને જે રસમાં ઝુલતી કલ્પાયલી હોય તે રસને સચોટ પ્રતિબિંબિત કરતી હોવી જોઇએ. આસપાસના દેખાવો પણ તેજ ભાવના પોષક જોઇએ. આ બધાં ઉપરાંત સૌથી વધારે સંભાળ તો એ લેવાની છે કે ચિતરવા ધારેલ બનાવ જે કાળમાં બન્યો હોય તે કાળને અનુરૂપ તે ચિત્ર ઉપજવું જોઇએ. જો શ્રી કૃષ્ણના પગમાં પંપશુ કે ગળામાં કોલરનેકટાઇ પહેરાવવામાં આવે, જો રાધાને પોલકા કે અત્યારની ઢબનાં વસ્ત્રાભૂષણોથી સુસજ્જ કરવામાં આવે, તો તે ચિત્ર હાસ્યોત્પાદકજ બને. આ બધાં તત્ત્વોની જૈન મંદિરોને સુશોભિત કરતા ચિત્રોમાં દિન પ્રતિદિન ઉપેક્ષા થતી જોવામાં આવે છે. શ્રી શત્રુંજય ઉપર પુંડરીક સ્વામીના મંદિરમાં ચારે બાજુએ જે ચિત્રો ચિતરવામાં આવ્યા છે તે યાત્રાળુઓ બહુ ભાવથી અને રસથી જુએ છે, પણ મને તો તે ચિત્રો જોઇને બહુ દુઃખ થયું છે. જો એટલોજ દ્રવ્ય વ્યય કોઇ જ્ઞાનસંપન્ન સંસ્કારી ચિત્રકારની નજર નીચે થયો હોત તો કેટલાં મનોહર ચિત્રો ઉપજી શકત? ઉપરોક્ત ચિત્રોમાં આંખોને મુગ્ધ કરે તેવાં રંગોની ખુબ પૂરવણી કરી છે, પણ નથી તેમાં ધારેલા ભાવ ઉઠયાં, નથી તેમાં દિવ્ય પુરૂષોની દિવ્યતા પ્રગટી, નથી તેમાં ઇતિહાસનું યાથાર્થ્ય સચવાયું. આંખમાંથી આંસુનાં ટીપાં ટપકતાં દેખાડયાં હોય અને મુખારવિંદ ઉપર સ્મિત ચમકતું હોય, સમય વીજળી અને રેલ્વેની શોધ પહેલાંનો હોય, અને ચિત્રોમાં વીજળીના દીવા અને પંખા ઝળકતા હોય, પ્રાચીનકાળમાં શીવણકળા હતી કે નહિ તે જ્યાં શંકાસ્પદ હોય અને ઘણું ખરૂં છુટાં કપડાં પહેરવાનો પ્રચાર હોય અને ઉક્ત ચિત્રોમાં અત્યારના પોશાકની ઢબથી હજારો વર્ષ પહેલાંના પાત્રોને સચેતન કરવામાં આવ્યા હોય–આવી અવ્યવસ્થિતતા કેમ ચાલી શકે? મેરૂપર્વત ઉપર એક દેવકુમારના હાથમાં ફીડલ જોઇને કોને હસવું ન આવે? આ બધું અન્ય જૈનમંદિરોને પણ થોડે ઘણે અંશે લાગુ પડે છે. આ ઉપરથી જોઇ શકાશે કે જૈનો ઘણું ખરૂં ચિત્રકળાને પોષણ આપતા નથી અને આપે છે ત્યાં પણ માત્ર રસશૂન્યતાજ પ્રગટ કરે છે.

ઉપર્યુક્ત વિચારોથી સહજ અનુમાન થશે કે જૈન મૂર્તિઓના ફોટોગ્રાફ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રસિદ્ધ કરવા સામેનો વિરોધ લેખકને જરા પણ સંમત નથી. જેવી રીતે રમ્ય સ્થળોનાં ચિત્રો અને ફોટોગ્રાફો તે તે સ્થળોની રમ્યતાના સ્મારક હોઇને પોતપોતાના ઘરમાં લોકો શણગારના સ્થાને મૂકે છે, જેવી રીતે સગાં વહાલાંની છબીઓને સ્નેહનું સ્થાન અને માનવંતા પુરૂષોની છબીઓને માનનીય સ્થાન લોકો પોતીકા ગૃહસુશોભનમાં આપે છે, તેવીજ રીતે તીર્થંકરોની ચમત્કારી અને ભાવવાહી છબીઓને જૈનોના ગૃહમંદિરમાં ઉચિત સ્થાન શા માટે મળવું ન જોઇએ ? પાંચ હજાર આવી છબીઓમાં પચાસ સો છબીઓ ઉચિત સ્થાનને ન પામે, તેથી અન્ય છબીઓની રમ્યતા, મહત્તા કે ઉપયોગિતાને જરા પણ હાનિ પહોંચતી નથી; પણ આટલા નજીવા કારણસર સુંદર જૈન મૂર્તિઓની છબીઓને ઘરમાં ટાંગવાના અભિલાષદ્વારા પ્રગટ થતા ભક્તિના ઉદ્રેકને ઉક્ત અભિલાષને અધર્મ્ય ગણી આઘાત લગાડવો તે બુદ્ધિથી બંધબેસતું નથી. શંખેશ્વર પાર્શ્વનાથ કે અમીઝરા પાર્શ્વનાથની મૂર્ત્તિ એટલી ભવ્ય, મનોહર, અદ્ભુત છે કે તેમના દર્શનથી જડમાં પણ ચૈતન્ય પ્રગટે, અને નાસ્તિકમાં પણ આસ્તિકતા સ્ફુરે. આવી મૂર્તિઓનાં દર્શન વારંવાર થવા સુલભ નથી. જેનો આત્મા આવી મૂર્ત્તિઓના દર્શનથી આનંદપુલકિત થતો હોય તેને તે મૂર્ત્તિઓની છબીઓથી સદા વંચિત રાખવાનો આગ્રહ સુજ્ઞ જૈન તો ન જ કરી શકે.

આ લેખદ્વારા ચિત્રકળા સંબંધી કેટલાક વિચારો જૈન સમાજ સમક્ષ મૂકયા છે. આવીજ રીતે અન્ય કળાઓનાં સંબંધમાં હજુ લેખકને કેટલુંક કહેવાનું છે આશા છે કે સુજ્ઞ જૈન બંધુઓ ઉક્ત વિચારોની યોગ્ય સમાલોચના કરશે, ધનિક જૈન બંધુઓ શિક્ષિત જનોની સલાહ અનુસાર ચિત્ર વિષયમાં આવશ્યક પ્રવૃત્તિ આદરશે અને તે રીતે બન્ને મળીને ચિત્રકળાની સહાયથી ધર્મનો અને ધર્મની સહાયથી ચિત્રકળાનો ઉદ્યોત કરશે.

પરમાનંદ.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



# સ્ફુટ નોંધ અને ચર્ચા.

વૈશાક વદિ ૬ તે શ્રી સિદ્ધક્ષેત્રમાં વિરાજતા પરમોપકારી પરમાત્મા શ્રી આદીશ્વર ભગવાનની વરસગાંઠનો દિવસ છે. શ્રેષ્ઠી કર્માશાએ સંવત ૧૫૮૭ માં આ તિથિએ પ્રભુને સુંદર અને ભવ્ય મંદિરમાં પધરાવ્યા છે. આ ભવ્ય મૂર્ત્તિને શ્રી સિદ્ધાચળજીમાં બીરાજમાન કર્યાને સુમારે ૪૦૦ વરસો વીતી ગયા છે. તીર્થના પ્રભાવથી અને ભાવિ યોગથી તે મૂર્ત્તિ તેજ સ્વરૂપમાં અનેક ભવ્ય જીવોને ઉપકારના નિમિત્તભૂત અહર્નિશ થાય છે. એક વખત પ્રતિષ્ટા કરનાર ભવિષ્યમાં કેટલા જીવોને ઉપકાર કરનાર થાય છે તે ખાસ વિચારવા જેવું છે. આ દિવસ વૈશાક વદિ ૬ આખા હિંદુસ્તાનની શ્વેતાંબર જૈન કોમમાં પર્વના દિવસ તરીકે પળાવો જોઇએ. આવા શુભ દિવસે શ્રી સિદ્ધાચળજીનું ધ્યાન ધરવું અને ભગવંત આદિપ્રભુનાં મહાન ગુણોને સ્મરીને તેમનાં જે કાંઇ ગુણો બની શકે તે સ્વજીવનમાં ઉતારવાનો નિર્ણય કરવો અને આત્મ-નિરીક્ષણના સિદ્ધાંતને અનુસરીને તેવાં ગુણો પોતાનામાં ઉતારવા, તે ભાવી ઉચ્ચ ગતિ પ્રાપ્ત કરવાના હેતુવાળા જીવનું કર્તવ્ય છે. જે સ્થળ અનંત જીવોનું સિદ્ધસ્થાન બન્યું છે, જે સ્થળે અનેક ભવ્યાત્માઓ ઉત્તમ ભાવના ભાવતાં ઉચ્ચ કોટીના જ્ઞાન, દર્શન, ચારિત્ર પામી શકયા છે તે સ્થળને સ્મરતાં-તેનું ધ્યાન કરતાં તે ઉચ્ચકોટી પ્રાપ્ત આત્માઓના ગુણો સ્વાત્મામાં પ્રગટ થાય છે. આરંભ-સમારંભના કાર્યો ઘટાડી આ દિવસ ધાર્મિક આનંદમાં-આત્મિક જાગરણમાં પસાર કરવાની અમારા વાંચક બંધુઓને અમે ભલામણ કરીએ છીએ.

* * * * *

શ્રી પાલીતાણામાં આ શુભ દિવસે પૂજ્ય આચાર્ય શ્રી આનંદસાગર સૂરિજીના સ્વામીત્વ નીચે આગમવાંચનાની શરૂઆત થઇ છે. હાલમાં શરૂઆતમાં શ્રી ઓઘનિર્યુકિત અને પિંડનિર્યુકિતની વાંચના શરૂ કરવામાં આવી છે. આ બે સૂત્રો પૂર્ણ થયા પછી ચોમાસામાં શ્રી ભગવતી સૂત્રની વાંચના થશે, જે લગભગ ચોમાસાના અંત સુધી ચાલશે. આ વાંચના સવાર-સાંજ બે વખત લગભગ પાંચ કલાક ચાલે છે. આચાર્ય શ્રી સૂત્ર વાંચે છે અને વાંચનામાં ભાગ લેનારાઓ અંદર અંદર તેનું મનન કરી જાય છે. આ વાંચનાનો દેખાવ ખાસ જોવા લાયક-આકર્ષણીય છે. વાંચનામાં ભાગ લેવા માટે પં. મણિવિજયજી વિગેરે ઘણા ગુણી મુનિ મહારાજાઓ પાલીતાણામાં ચોમાસું રહેવાના છે. પાલીતાણામાં ચોમાસામાં આ વખતે મુનિમહારાજાઓ તથા સાધ્વીજીઓની સારી સંખ્યા થશે તેમ અમારૂં માનવું છે. આ શુભ પ્રસંગનો લાભ લેવા, વાંચનામાં ભાગ લેવા અને સુપાત્-

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



દાનનો લ્હાવો લેવા શ્રીમંત જૈન બંધુઓ સારી સંખ્યામાં પાલીતાણે ચાતુર્માસ કરવા આવશે અને આ વાંચનાનો લાભ ઘણો લેવાશે એમ અમને લાગે છે.

# મણિલાલ જીવન અને અમે.

મણિલાલ જીવન નામના કોઇ બંધુએ દેવદ્રવ્યના સંબંધમાં એક પેંફ્લેટ બહાર પાડી અમે અમારા ચૈત્ર–વૈશાખના અંકમાં લખેલ હકીકતની સમાલોચના કરી છે અને જેવો ભાવ તેણે અમારા લખાણમાંથી ઉપજાવી કાઢ્યો છે તેવો અમે કહીએ છીએ એમ લોકોને સમજાવ્યું છે, પરંતુ તેમાં તે બંધુની ભૂલ થઈ છે. અમારો આશય તેણે ખેંચ્યો છે તેવો નથી. **બોલીની રૂઢીને અમે અજ્ઞાનજન્ય પ્રવિષ્ટ થઇ ગયેલી રૂઢી માનતા નથી. અમે એ રીવાજ વિચક્ષણતાવાળો માનીએ છીએ.** કેટલાક પરિણામ પર્યંત દૃષ્ટિ નહીં પહોંચાડનારા બંધુઓએ નવા નવા પેંફ્લેટો બહાર પાડીને આ વિષયને ચુંથી નાખ્યો છે તે ખરી વાત છે, પરંતુ તે હકીકત કાંઇ શ્રી આણંદસાગરજી મહારાજની પ્રેરણાથી લખાયેલા લેખો પરત્વે અમે લખી નથી, કેમકે અમુક લેખો એમણે લખાવેલા છે એવું અમારી પાસે બીલકુલ પ્રમાણ નથી. અમે તો માત્ર તેવા પ્રકારના લેખકો પરત્વે સામાન્યે જ લખ્યું છે. આગળ ઉપર તે લેખક લખે છે કે 'જે નિર્ણયવાળા લેખ ઉપર શ્રી આણંદસાગરજી મહારાજ વિગેરે ઘમંડ ધરાવે છે તે લેખની અમે કાંઇ પણ કિંમત આંકતા નથી' એ ખોટી વાત છે. **અમે તે લેખને કિંમતી જ ગણેલો છે.** ત્યાર પછી શ્રાદ્ધવિધિના પાઠનો તેઓ સાહેબે ખોટો અર્થ કર્યો છે એવું લેખકે લખ્યું છે તે પણ સ્વમતિ કલ્પિત છે. **શ્રી આણંદસાગરજી મહારાજે કરેલો અર્થ ખોટો છે એવું અમારૂં માનવું નથી.** અમે ઉપર જે લેખકો માટે લખ્યું છે તેની અંદર આવા લેખકોનો જ સમાવેશ થઇ શકે છે. આવું લખવા કરતાં ન લખવું–મૌન રહેવું તે અમને તો વધારે યોગ્ય લાગે છે. હાલમાં પેંફ્લેટો અને બુકો ઉપરા ઉપર એટલા બધાં બહાર પડવા લાગેલા છે કે જેની અંદરના કેટલાક અસભ્ય તેમજ શાસ્ત્ર વિરૂદ્ધના લેખોને માટે અત્યંત ખેદ થાય છે. આવા લેખો બહાર પાડીને અંદર અંદર વિક્ષોભ વધારવામાં આવે છે અને ધર્મ શ્રદ્ધાને હાનિ પહોંચાડવામાં આવે છે. કોઇ કોઇ લેખક તો એટલું બધું હદ મૂકીને લખે છે કે જેના શબ્દો અમે અહીં ટાંકી પણ શકતા નથી પરંતુ એવા લેખક તો પોતાના આત્માને ગુણીજનના અપવાદથી દૂષિત કરે છે અને શાસનનું પણ અહિત કરે છે. અમને તો હાલ મૌન રહેવું તેજ વધારે યોગ્ય લાગે છે.

તંત્રી.

For Private And Personal Use Only